સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં.1 મેગેઝિન

# ICE® MAGIC

## WEEKLY CURRENT AFFAIRS

WEEK 08

FEBRUARY-2024

18-02-24 To 24-02-24

સંપાદક

મૌલિક ગોંધિયા























Information Hub

સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને **ફ્રી મટીરિયલ્સ** તેમજ **રેગ્યુલર કરંટ અફેર્સ** મેળવવા માટે ક્લિક કરો.

ICE Rajkot | t.me/icerajkotofficial | icerajkot

# Timeline

## 18 FEB-2024


- RBIએ Paytm પેમેન્ટ્સ બેંક પર પ્રતિબંધ લગાવ્યો ..... 02
- CIAL એરપોર્ટ પર વિશ્વનો પ્રથમ ગ્રીન હાઈડ્રોજન પ્લાન્ટ સ્થપાશે ..... 03
- QUESTION ANSWERS ..... 05


## 19 FEB-2024


- દિવસ મહિમા : 19 ફેબ્રુઆરી, Soil Health Card Day ..... 06
- જ્ઞાનપીઠ પુરસ્કાર, 2023 ..... 06
- GSLV-F14 / INSAT-3DS મિશન ..... 08
- ભારતીય મહિલા ટીમે થાઈલેન્ડને હરાવી બેડમિન્ટન એશિયા ટીમ ચેમ્પિયનશિપ જીતી ..... 09
- QUESTION ANSWERS ..... 11


## 20 FEB-2024


- દિવસ મહિમા : 20 ફેબ્રુઆરી, વિશ્વ સામાજિક ન્યાય દિવસ (World Day of Social Justice) ..... 12
- ઈન્ટરનેશનલ કોર્ટ ઓફ જસ્ટિસ (ICJ)ના નવા પ્રમુખ તરીકે શ્રી નવાફ સલામ ચૂંટાયા ..... 12
- શ્રી રવિચંદ્રન અશ્વિન 500 ટેસ્ટ વિકેટ લેનાર બીજા ભારતીય ..... 13
- NASA અને JAXA લાકડાથી બનેલો ઉપગ્રહ લોન્ચ કરશે ..... 13
- QUESTION ANSWERS ..... 14


## 21 FEB-2024


- દિવસ મહિમા : 21 ફેબ્રુઆરી, આંતરરાષ્ટ્રીય માતૃભાષા દિવસ (International Mother Language Day) ..... 15
- CMS માટે પક્ષકારોની 14મી કોન્ફરન્સ (COP-14) ..... 15
- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ઉત્તરપ્રદેશના સંભલમાં શ્રી કલ્કિ ધામ મંદિરનો શિલાન્યાસ કર્યો ..... 16
- Henley Passport Index 2024 ..... 17
- QUESTION ANSWERS ..... 19


ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## 22 FEB-2024


- મિશન એસ્પાઈડ્સ (Mission Aspides) ..... 20
- ભારતીય સેનાના નવા વાઈસ ચીફ : લેફ્ટનન્ટ જનરલ ઉપેન્દ્ર દ્વિવેદી ..... 21
- સમ્માકા - સરલમ્મા મેદારમ જાથારા ..... 21
- QUESTION ANSWERS ..... 22


## 23 FEB-2024


- શ્રી શશિ થરૂરને ફ્રાન્સનો સર્વોચ્ચ નાગરિક મેડલ એનાયત કરવામાં આવશે ..... 23
- નવું મરાઠા આરક્ષણ બિલ ..... 23
- SAMAR Air Defence Missile System ..... 25
- QUESTION ANSWERS ..... 25


## 24 FEB-2024


- દિવસ મહિમા : 24 ફેબ્રુઆરી, Central Excise Day ..... 26
- એમેઝોન રેઈનફોરેસ્ટમાં વિશ્વનો સૌથી મોટો સાપ ..... 26
- અંબાજી : ગબ્બર પરિક્રમા મહોત્સવ ..... 27
- QUESTION ANSWERS ..... 28

ONE LINER ..... 29

QUESTION OF THIS WEEK ..... 33

## RBIએ Paytm પેમેન્ટ્સ બેંક પર પ્રતિબંધ લગાવ્યો

તાજેતરમાં ભારતીય રિઝર્વ બેંક (RBI)એ Paytm Payments Bank Ltd (PPBL) પર કડક નિયંત્રણો લગાવ્યા છે.



- બેંકમાં સતત બિન–પાલન અને સુપરવાઈઝરી ચિંતાઓને પ્રકાશિત કર્યા પછી ઓડિટ રિપોર્ટ દ્વારા આ પગલું લેવામાં આવ્યું હતું.
- બેન્કિંગ રેગ્યુલેશન એક્ટ, 1949ની કલમ 35A, RBIને બેંકોને નિર્દેશો જાહેર કરવાની અને કોઈપણ બેન્કિંગ એન્ટિટીની કામગીરીને થાપણદારોના હિતોને પ્રતિકૂળ અથવા બેંકના પોતાના હિતોને પ્રતિકૂળ રીતે ચલાવવાથી રોકવાની સત્તા માટે જરૂરી પગલાં લેવા માટે સત્તા પૂરી પાડે છે.
- આ મામલાની નજીકના સૂત્રો સૂચવે છે કે Paytm અને તેની સાથે જોડાયેલ બેન્કિંગ એન્ટિટી વચ્ચે આવશ્યક ભંડોળ સાથે સંકળાયેલા શંકાસ્પદ વ્યવહારો અંગેની ચિંતાએ RBIને તેની સામે પગલા લેવા માટે પ્રેરિત કર્યા હતા.
- PPBL પાસે કથિત રીતે ઘણા બિન–અનુપાલન ખાતા હતા જેમાં યોગ્ય KYC વેરિફિકેશનનો અભાવ હતો, હજારો કિસ્સાઓ છે કે જ્યાં એક જ PAN નંબરનો ઉપયોગ બહુવિધ ખાતા ખોલવા માટે કરવામાં આવ્યો હતો.
- વધુમાં, ન્યૂનતમ KYC પ્રીપેડ જેવા સાધનો દ્વારા નિયમનકારી મર્યાદાને ઓળંગતા વ્યવહારો સંભવિત મની લોન્ડરિંગ પ્રવૃત્તિઓ દર્શાવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### મુખ્ય પ્રતિબંધો કયા છે ?

PPBLને 29 ફેબ્રુઆરી, 2024થી તેના ખાતા અથવા વોલેટમાં વધુ થાપણો, ટોપ–અપ્સ અથવા ક્રેડિટ વ્યવહારો સ્વીકારવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.

- તે FASTag અને નેશનલ કોમન મોબિલિટી કાર્ડ (NCMC) કાર્ડ માટેના તેના પ્રીપેડ સોલ્યુશન્સ પર પણ લાગુ પડે છે.
- આ પ્રતિબંધ બેંકિંગ સેવાઓ જેવી કે આધાર સક્ષમ ચુકવણી સિસ્ટમ, ત્વરિત ચુકવણી સેવા, બિલ ચુકવણીઓ અને UPI ટ્રાન્સફર સુધી વિસ્તરે છે.
- PPBLને તેની પેરેન્ટ કંપની અને Paytm પેમેન્ટ સર્વિસિસના નોડલ એકાઉન્ટ્સ 29 ફેબ્રુઆરી, 2024 પહેલા બંધ કરવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે.

## પેમેન્ટ બેંકો શું છે ?

પેમેન્ટ બેંકો એ ખાસ પ્રકારની બેંકો છે જે વર્ષ 2014માં ભારતીય રિઝર્વ બેંક દ્વારા શરૂ કરવામાં આવી હતી.

- તેની રચના બેંક વગરની અને અન્ડરબેંકની વસતીને મૂળભૂત બેંકિંગ સેવાઓ પૂરી પાડીને નાણાકીય સમાવેશને પ્રોત્સાહન આપવા માટે કરવામાં આવી છે.
- નાના વ્યવસાયો અને ઓછી આવક ધરાવતા પરિવારો માટે નાણાકીય સેવાઓની તપાસ કરવા માટે ભારતીય રિઝર્વ બેંક દ્વારા રચવામાં આવેલી 'નચિકેત મોર સમિતિ'ની ભલામણોના આધારે તેની સ્થાપના કરવામાં આવી હતી.
- ઉદાહરણ તરીકે Airtel Payments Bank, India Post Payments Bank વગેરે.
- તેઓને બેન્કિંગ રેગ્યુલેશન એક્ટ, 1949ની કલમ 22(1) હેઠળ લાયસન્સ આપવામાં આવે છે.
- તે ભારતીય રિઝર્વ બેંકની વિભિન્ન બેંક લાયસન્સ શ્રેણી હેઠળ આવે છે કારણ કે તેઓ કોમર્શિયલ બેંકો દ્વારા પૂરી પાડવામાં આવતી સેવાઓની સંપૂર્ણ શ્રેણી રજૂ કરવા માટે પ્રતિબંધ છે.
- ભારતીય રિઝર્વ બેંક બે પ્રકારના બેન્કિંગ લાઈસન્સ આપે છે :

(1) યુનિવર્સલ બેંક લાઈસન્સ

(2) ડિફરન્સિયેટેડ બેંક લાઈસન્સ

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**નોંધ :** (1) Paytm એ 'Pay through Mobile'નું ટૂંકું નામ છે.

(2) Paytmની સ્થાપના 2010માં શ્રી વિજય શેખર શર્મા દ્વારા કરવામાં આવી હતી.

(3) Paytmનું વડું મથક નોઈડામાં આવેલું છે.

(4) જ્યારે Paytm પેમેન્ટ બેંક (PPBL)ની સ્થાપના વર્ષ 2017માં કરવામાં આવી હતી.

(5) Paytm ઈ–કોમર્સે તાજેતરમાં તેનું નામ બદલી 'Pai Platforms' રાખ્યું છે.

## CIAL એરપોર્ટ પર વિશ્વનો પ્રથમ ગ્રીન હાઈડ્રોજન પ્લાન્ટ સ્થપાશે

કોચીન ઈન્ટરનેશનલ એરપોર્ટ લિમિટેડ (CIAL), કેરળએ CIALના પરિસરમાં ગ્રીન હાઈડ્રોજન ઉત્પાદન સુવિધા સ્થાપવા માટે ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ (BPCL) સાથે કરાર પર હસ્તાક્ષર કર્યા છે.



- એરપોર્ટ સંકુલમાં ગ્રીન હાઈડ્રોજન પ્લાન્ટ કોચીન ઈન્ટરનેશનલ એરપોર્ટ લિમિટેડ (CIAL)ને વિશ્વની પ્રથમ એરપોર્ટ ઓપરેટર બનાવશે કે જે તેના પરિસરમાં હાઈડ્રોજન પાવર જનરેશન સુવિધા ધરાવે છે.
- પ્લાન્ટ માટેના કરારનું વિનિમય તિરુવનંતપુરમમાં મુખ્યમંત્રી શ્રી પિનારાઈ વિજયનની હાજરીમાં કરવામાં આવ્યું હતું.
- CIAL અને BPCL વચ્ચે હસ્તાક્ષર કરાયેલા MoUનો હેતુ CIAL ખાતે ગ્રીન હાઈડ્રોજનનું ઉત્પાદન કરવા માટે 1000 KW ક્ષમતા ધરાવતો પ્લાન્ટ સ્થાપવાનો છે.
- હાલમાં કોચીન એરપોર્ટની સૌર ઊર્જા ઉત્પાદનની સંચિત સ્થાપિત ક્ષમતા 50 મેગાવોટ છે. સોલાર ફાર્મ દરરોજ 2,00,000 યુનિટ વીજળીનું ઉત્પાદન કરે છે.



## પરીક્ષાલક્ષી સંભવિત પ્રશ્નો

1. તાજેતરમાં ભારતીય રિઝર્વ બેંક (RBI)એ કઈ પેમેન્ટ બેંક પર નિયંત્રણો લગાવ્યા હતા ?

(A) JioPayment Bank　　(B) India Post Payment Bank

(C) Paytm Payment Bank　　(D) Airtel Payment Bank　　(C)

2. ભારતમાં 'પેમેન્ટ બેંકો'ની સ્થાપના કઈ સમિતિની ભલામણોને આધારે કરવામાં આવી હતી ?

(A) નચિકેત મોર સમિતિ　　(B) પવાર સમિતિ

(C) અરૂણ જેટલી સમિતિ　　(D) ચિદમ્બરમ સમિતિ　　(A)

3. શ્રી વિજય શેખર શર્મા દ્વારા Paytmની સ્થાપના કયા વર્ષે કરવામાં આવી હતી ?

(A) 2004　　(B) 2006　　(C) 2007　　(D) 2010　　(D)

4. તાજેતરમાં _____ એ તેના પરિસરમાં ગ્રીન હાઈડ્રોજન ઉત્પાદન સુવિધા સ્થાપવા માટે ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ (BPCL) સાથે કરાર પર હસ્તાક્ષર કર્યા છે.

(A) બેંગ્લોર ઈન્ટરનેશનલ એરપોર્ટ લિમિટેડ (BIAL), કર્ણાટક

(B) જયપુર ઈન્ટરનેશનલ એરપોર્ટ લિમિટેડ (JIAL), રાજસ્થાન

(C) કોચીન ઈન્ટરનેશનલ એરપોર્ટ લિમિટેડ (CIAL), કેરળ

(D) ભોપાલ ઈન્ટરનેશનલ એરપોર્ટ લિમિટેડ (BIAL), મધ્યપ્રદેશ　　(C)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 19 ફેબ્રુઆરી, Soil Health Card Day

## જ્ઞાનપીઠ પુરસ્કાર, 2023

જ્ઞાનપીઠ પસંદગી સમિતિએ જાહેરાત કરી કે વર્ષ 2023 માટે 58મો જ્ઞાનપીઠ પુરસ્કાર બે લેખકો સંસ્કૃત વિદ્વાન શ્રી જગદગુરુ રામભદ્રાચાર્ય અને ઉર્દૂ કવિ અને ગીતકાર શ્રી ગુલઝારને આપવામાં આવશે.

- નોંધનીય છે કે આ એવોર્ડ બીજી વખત સંસ્કૃત માટે અને પાંચમી વખત ઉર્દૂ માટે આપવામાં આવી રહ્યો છે.

### શ્રી જગદગુરુ રામભદ્રાચાર્ય



શ્રી જગદગુરુ રામભદ્રાચાર્ય બહુભાષી વિદ્, શિક્ષક, કવિ લેખક અને હિન્દુ આધ્યાત્મિક ગુરૂ છે.

- તેમનો જન્મ 14 જાન્યુઆરી, 1950ના રોજ ઉત્તરપ્રદેશના જૌનપુર જિલ્લાના શાંડીખુર્દ ગામમાં થયો હતો.
- બાળપણમાં તેમનું નામ ગિરધર રાખવામાં આવ્યું હતું.
- તેમણે માત્ર 2 મહિનાની ઉંમરે તેમની આંખોની રોશની ગુમાવી દીધી હતી, તેમની આંખોમાં ટ્રેકોમાનો ચેપ લાગ્યો હતો.
- તેઓ સંસ્કૃત, હિન્દી, અવધી અને મૈથિલી સહિત ઘણી ભારતીય ભાષાઓમાં કવિ અને લેખક છે.
- શ્રી જગદગુરુ રામભદ્રાચાર્ય 22 ભાષાઓ બોલી શકે છે.
- તેમણે વિવિધ ભારતીય ભાષાઓમાં 240થી વધુ પુસ્તકો અને ગ્રંથો લખ્યા છે અને તેમને 2015માં પદ્મ વિભૂષણથી નવાજવામાં આવ્યા હતા.
- અરુંધતી, અષ્ટાવક્ર, અવધના અજોરિયા અને દશાવતાર તેમના દ્વારા લખાયેલી કેટલીક સાહિત્ય કૃતિઓ છે.
- તેઓ મધ્યપ્રદેશના ચિત્રકૂટમાં તુલસી પીઠના સ્થાપક અને વડા છે.
- તુલસીપીઠ હિન્દુ ધાર્મિક સાહિત્યના અગ્રણી પ્રકાશકોમાંનું એક છે.
- શ્રી જગદગુરુ રામભદ્રાચાર્ય એ રામાનંદ સંપ્રદાયના ચાર જગદગુરુ રામાનંદાચાર્યમાંના એક છે અને 1982થી આ પદ સંભાળ્યું છે.

ICE INSTITUTE FOR COMPETITIVE

- રામાનંદી સંપ્રદાય આજે ગંગાના મેદાનની આસપાસ અને નેપાળમાં ભારતના સૌથી મોટા અને સૌથી સમતાવાદી હિંદુ સંપ્રદાયોમાંનો એક છે.
- તેઓ રામાયણ અને ભાગવત માટે કથાકલાકાર પણ છે, તેમના કથાના કાર્યક્રમો ભારત અને અન્ય દેશોના વિવિધ શહેરોમાં નિયમિતપણે યોજાય છે.
- તેમને ભારતમાં તુલસીદાસના મહાન સત્તાધીશોમાંના એક તરીકે ગણવામાં આવે છે. અને તેઓ રામચરિતમાનસની વિવેચનાત્મક આવૃત્તિના સંપાદક છે.

## શ્રી ગુલઝાર



શ્રી ગુલઝારનો જન્મ 18 ઓગસ્ટ, 1934ના રોજ અવિભાજિત ભારતના જેલમ જિલ્લાના દીના ગામમાં થયો હતો.

- તેમનું મૂળનામ સંપૂર્ણ સિંહ કાલરા છે.
- તેઓ માત્ર સિનેમા જ નહીં પરંતુ સાહિત્ય ક્ષેત્રે પણ સૌથી આદરણીય નામોમાંથી એક છે.
- તેઓ તેમના સમયના શ્રેષ્ઠ ઉર્દૂ કવિઓમાંના એક ગણાય છે.
- ગુલઝારને તેમના કાર્ય માટે સાહિત્ય અકાદમી પુરસ્કાર (2002), દાદાસાહેબ ફાળકે પુરસ્કાર (2013), પદ્મ ભૂષણ (2004) અને ઉર્દૂ માટે રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર મળ્યો હતો.
- કવિતાઓમાં તેમણે નવી શૈલી 'ત્રિવેણી'ની શોધ કરી હતી. જે ત્રણ લીટીની બિન–મુકફ કવિતા છે.
- તેમના કેટલાક શ્રેષ્ઠ કાર્યોમાં 'સ્લમડોગ મિલિયોનેર'ના ગીત 'જય હો'નો સમાવેશ થાય છે, જેને 2009માં ઓસ્કાર એવોર્ડ અને 2010માં ગ્રેમી એવોર્ડ મળ્યો હતો.

## જ્ઞાનપીઠ એવોર્ડ



જ્ઞાનપીઠ એવોર્ડ એ સાહિત્યના ક્ષેત્રનો દેશનો સર્વોચ્ચ એવોર્ડ છે.

- ઈ.સ. 1965થી 'ભારતીય જ્ઞાનપીઠ' દ્વારા આ એવોર્ડ દર વર્ષે ભારતની વિવિધ માન્ય પ્રાદેશિક રાજ્ય ભાષાઓમાંથી કોઈ એક ભાષાના સાહિત્યકારને સાહિત્યસર્જન ક્ષેત્રે ઉત્કૃષ્ટ પ્રદાન કરવા બદલ આ રાષ્ટ્રીય એવોર્ડ આપવામાં આવે છે.
- ઉદ્યોગપતિ શાંતિપ્રસાદ જૈનના સ્મરણાર્થે જૈન સાહુ પરિવાર તરફથી આ એવોર્ડ આપવામાં આવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

- આ એવોર્ડમાં 11 લાખ રૂપિયા ધનરાશિ તથા સરસ્વતીની કાંસાની પ્રતિમા અને પ્રશસ્તિપત્ર આપવામાં આવે છે.
- સૌપ્રથમ ઈ.સ. 1965માં મલયાલમ કાવ્યસંગ્રહ 'ઓડક કુઝલ' (વાંસળી) માટે શ્રી જી. શંકર કુરૂપને આ એવોર્ડ આપવામાં આવ્યો હતો.
- જ્ઞાનપીઠ એવોર્ડ વિજેતા સૌપ્રથમ મહિલા આશાપૂર્ણા દેવી છે.

**જ્ઞાનપીઠ એવોર્ડ વિજેતા ગુજરાતી સાહિત્યકારો**

| ક્રમ | સાહિત્યકાર | કૃતિ | વર્ષ | કેટલામો જ્ઞાનપીઠ પુરસ્કાર |
|---|---|---|---|---|
| 1 | ઉમાશંકર જોશી | નિશીથ (કાવ્યસંગ્રહ) | 1967 | ત્રીજો |
| 2 | પન્નાલાલ પટેલ | માનવીની ભવાઈ (નવલકથા) | 1985 | 21મો |
| 3 | રાજેન્દ્ર શાહ | ધ્વનિ (કાવ્યસંગ્રહ) | 2001 | 37મો |
| 4 | રઘુવીર ચૌધરી | ગુજરાતી સાહિત્યમાં સમગ્ર પ્રદાન બદલ | 2015 | 51મો |

## GSLV-F14 / INSAT-3DS મિશન

ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન (ISRO)એ 17 ફેબ્રુઆરી, 2024ના રોજ હવામાન નિરીક્ષણ ઉપગ્રહ INSAT-3DS ઉપગ્રહ લોન્ચ કર્યો હતો.

- GSLV F-14 રોકેટની મદદથી આ ઉપગ્રહ લોન્ચ કરવામાં આવ્યો હતો.
- આંધ્રપ્રદેશમાં શ્રીહરિકોટા સતીશ ધવન સ્પેસ સેન્ટર ખાતેથી આ લોન્ચિંગ કરવામાં આવ્યું હતું.

### INSAT-3DS ઉપગ્રહ



INSAT-3DS સેટેલાઈટ એ જીઓસ્ટેશનરી ઓર્બિટમાંથી ત્રીજી પેઢીના હવામાનશાસ્ત્રીય ઉપગ્રહનું ફોલો–ઓન મિશન છે.

- GSLV-F14 / INSAT-3DS મિશન પૃથ્વી વિજ્ઞાન મંત્રાલય (MoES) દ્વારા સંપૂર્ણપણે ભંડોળ પૂરું પાડવામાં આવ્યું છે.
- તે હવામાનની આગાહી અને આપત્તિની ચેતવણી માટે ઉન્નત હવામાનશાસ્ત્રીય અવલોકનો અને જમીન તથા સમુદ્રની સપાટીના નિરીક્ષણ માટે રચાયેલ છે.
- આ ઉપગ્રહ અથવા સેટેલાઈટ વર્તમાનમાં કાર્યરત INSAT-3D અને INSAT-3DR ઉપગ્રહો સાથે હવામાન સેવાઓમાં વધારો કરશે.

- તે ભારતની હવામાન એજન્સીઓને વધુ સચોટ હવામાન આગાહી અને સારી આપત્તિ વ્યવસ્થાપન વ્યૂહરચનાઓને સરળ બનાવવા માટે નોંધપાત્ર યોગદાન આપશે.
- તે ડેટા કલેક્શન પ્લેટફોર્મ પરથી ડેટા એકત્રીકરણ અને પ્રસારણ ક્ષમતાઓને સરળ બનાવશે.
- INSAT-3DS ઉપગ્રહ–સહાયિત શોધ અને બચાવ સેવાઓ પ્રદાન કરશે તથા કટોકટી પ્રતિભાવ ક્ષમતાઓને વધારશે.
- INSAT-3DSમાં ચાર પેલોડનો સમાવેશ થાય છે, જેમાં ઈમેજર, સાઉન્ડર, ડેટા રિલે ટ્રાન્સપોન્ડર અને સેટેલાઈટ–સહાયિત શોધ અને બચાવ ટ્રાન્સપોન્ડરનો સમાવેશ થાય છે.

**નોંધ :**
(1) જીઓસિંક્રોનસ સેટેલાઈટ લોન્ચ વ્હીકલ (GSLV) એ ત્રણ તબક્કાનું 51.7 મીટર લાંબુ પ્રક્ષેપણ વાહન છે જેનું લિફ્ટઓફ માસ 420 ટન છે.
(2) પ્રથમ સ્ટેજ (GS1)માં ઘન પ્રોપેલન્ટ મોટર અને ચાર અર્થ–સ્ટોરેબલ પ્રોપેલન્ટ સ્ટેજ (EPS) છે. EPSમાં સહાયક માળખું, પ્રોપેલન્ટ ટાંકી અને એન્જિનનો સમાવેશ થાય છે.
(3) બીજો તબક્કો (GS2) એ ગ્રાઉન્ડ–સ્ટોરેજ પ્રોપેલન્ટ સ્ટેજ છે.
(4) ત્રીજો તબક્કો (GS3) એ ક્રાયોજેનિક સ્ટેજ છે, જેમાં લિક્વિડ ઓક્સિજન (LOX) અને લિક્વિડ હાઈડ્રોજન (LH2)નું પ્રોપેલન્ટ લોડિંગ થાય છે.
(5) GSLV-F14 એ GSLVની 16મી ઉડાન છે અને સ્વદેશી ક્રાયો સ્ટેજ સાથેની 10મી ઉડાન છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ભારતીય મહિલા ટીમે થાઈલેન્ડને હરાવી બેડમિન્ટન એશિયા ટીમ ચેમ્પિયનશિપ જીતી

તાજેતરમાં 13 થી 18 ફેબ્રુઆરી, 2024 દરમિયાન મલેશિયાના શાહ આલમ અને સેલંગોર ખાતે 'બેડમિન્ટન એશિયા ટીમ ચેમ્પિયનશિપ, 2024'નું આયોજન થયું હતું.

- તે બેડમિન્ટન એશિયા ટીમ ચેમ્પિયનશિપની પાંચમી આવૃત્તિ હતી.
- જેમાં ભારતની દીકરીઓએ ઈતિહાસ રચ્યો હતો.
- આ ઈવેન્ટમાં ભારતીય મહિલા ટીમે બેડમિન્ટન એશિયા ટીમ ચેમ્પિયનશિપનો ખિતાબ જીતી લીધો છે.



- પી.વી.સિંધુ અને અનમોલ ખરબની આગેવાની હેઠળની ભારતીય મહિલા ટીમે આ ઐતિહાસિક ગોલ્ડ મેડલ જીત્યો છે.
- બેડમિન્ટન એશિયા ટીમ ચેમ્પિયનશિપમાં ભારતનો આ પહેલો ગોલ્ડ મેડલ હતો, ભારતીય પુરુષ ટીમે અગાઉ 2016 અને 2020માં બે બ્રોન્ઝ મેડલ જીત્યા હતા.
- આ ટુર્નામેન્ટનું આયોજન બેડમિન્ટન એશિયા દ્વારા બેડમિન્ટન એસોસિએશન ઓફ મલેશિયા સાથે યજમાન આયોજક તરીકે કરવામાં આવ્યું હતું.
- બેડમિન્ટન એશિયા એ બેડમિન્ટન વર્લ્ડ ફેડરેશન (BWF)ની નેતૃત્વ હેઠળ એશિયામાં બેડમિન્ટનની રમતનું સંચાલન કરતી સંસ્થા છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



## પરીક્ષાલક્ષી સંભવિત પ્રશ્નો

1. 'Soil Health Card Day' કયા દિવસના રોજ ઉજવવામાં આવે છે ?

(A) 18 ફેબ્રુઆરી (B) 19 ફેબ્રુઆરી (C) 20 ફેબ્રુઆરી (D) 21 ફેબ્રુઆરી (B)

2. તાજેતરમાં કરેલી જાહેરાત અનુસાર 'જ્ઞાનપીઠ પુરસ્કાર 2023' કોને એનાયત કરવામાં આવશે ?

(A) શ્રી જગદ્ગુરુ રામભદ્રાચાર્ય (B) શ્રી ગુલઝાર

(C) (A) અને (B) બંને (D) એકપણ નહીં (C)

3. તાજેતરમાં શ્રી જગદ્ગુરુ રામભદ્રાચાર્ય અને શ્રી ગુલઝારની 'જ્ઞાનપીઠ પુરસ્કાર' માટે પસંદગી કરવામાં આવી હતી. આ જ્ઞાનપીઠ પુરસ્કાર સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. તે સાહિત્ય ક્ષેત્રનો દેશનો સર્વોચ્ચ એવોર્ડ છે.
2. ઉદ્યોગપતિ શાંતિપ્રસાદ જૈનના સ્મરણાર્થે જૈન સાહુ પરિવાર તરફથી આ એવોર્ડ આપવામાં આવે છે.
3. જ્ઞાનપીઠ એવોર્ડ વિજેતા સૌપ્રથમ મહિલા આશાપૂર્ણા દેવી છે.
4. સૌપ્રથમ ગુજરાતી વ્યક્તિ તરીકે શ્રી રાજેન્દ્ર શાહે 1967માં ત્રીજો જ્ઞાનપીઠ એવોર્ડ જીત્યો હતો.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) માત્ર 1, 2 અને 3 (B) માત્ર 1, 3 અને 4

(C) માત્ર 1, 2 અને 4 (D) 1, 2, 3 અને 4 (A)

4. તાજેતરમાં INSAT-3DS સેટેલાઈટ લોન્ચ કરવામાં આવ્યો હતો. તેના વિશે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. GSLV F-14 રોકેટની મદદથી આ સેટેલાઈટ લોન્ચ કરવામાં આવ્યો હતો.
2. તે હવામાનશાસ્ત્રીય અવલોકનો અને જમીન તથા સમુદ્રની સપાટીના નિરીક્ષણ માટે રચાયેલ છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) માત્ર 1 સાચું (B) માત્ર 2 સાચું

(C) 1 અને 2 બંને સાચા (D) 1 અને 2 બંને ખોટા (C)

5. તાજેતરમાં કઈ મહિલા ટીમે 'બેડમિન્ટન એશિયા ટીમ ચેમ્પિયનશિપ' જીતી છે ?

(A) ભારત (B) શ્રીલંકા (C) જાપાન (D) ઈન્ડોનેશિયા (A)

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 20 ફેબ્રુઆરી, વિશ્વ સામાજિક ન્યાય દિવસ (World Day of Social Justice)




દર વર્ષે 20 ફેબ્રુઆરીના રોજ 'વિશ્વ સામાજિક ન્યાય દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- આ દિવસ ગરીબી નાબૂદી, રોજગાર સર્જન, ન્યાયી કાર્યકારી પરિસ્થિતિઓ અને લિંગ સમાનતા વગેરે માટે આંતરરાષ્ટ્રીય પ્રયત્નોને વધુ મજબૂત કરવાની જરૂરિયાત પર ભાર મૂકે છે.
- સામાજિક ન્યાયના ખ્યાલને આગળ વધારવા માટે સમાજમાં લિંગ, વય, જાતિ, વંશીયતા, ધર્મ, સંસ્કૃતિ અથવા વિકલાંગતા જેવી અસમાનતાઓ દૂર કરવી પડશે.
- વર્ષ 2024ના વિશ્વ સામાજિક ન્યાય દિવસની થીમ 'Bridging Gaps, Building Alliances' છે.

## ઈન્ટરનેશનલ કોર્ટ ઓફ જસ્ટિસ (ICJ)ના નવા પ્રમુખ તરીકે શ્રી નવાફ સલામ ચૂંટાયા

લેબનોનના શ્રી નવાફ સલામને ઈન્ટરનેશનલ કોર્ટ ઓફ જસ્ટિસ (ICJ)ના પ્રમુખ તરીકે ચૂંટવામાં આવ્યા હતા.

- તેમણે આ પદે અમેરિકાના શ્રી જોન ડોનોગ્યુનું સ્થાન લીધું છે.
- તેઓ આ પ્રતિષ્ઠિત પદ સંભાળનાર પ્રથમ લેબનીઝ છે.

### ICJ શું છે ?



ICJનું પૂરું નામ 'International Court of Justice' છે.

- ઈન્ટરનેશનલ કોર્ટ ઓફ જસ્ટિસને ટૂંકમાં ICJ અથવા તો વિશ્વ અદાલત તરીકે પણ ઓળખવામાં આવે છે.
- ICJ એ સંયુક્ત રાષ્ટ્રની પ્રાથમિક ન્યાયિક શાખા છે.
- સંયુક્ત રાષ્ટ્ર દ્વારા તેની સ્થાપના 1945માં થઈ હતી.
- આ અદાલતનું કાર્યાલય 'શાંતિ મહેલ' (Peace Palace) તરીકે ઓળખાય છે.
- જે નેધરલેન્ડના હેગ ખાતે આવેલું છે.
- ICJમાં યુનાઈટેડ નેશન્સ જનરલ એસેમ્બલી અને સુરક્ષા પરિષદ દ્વારા નવ વર્ષની મુદત માટે ચૂંટાયેલા 15 ન્યાયાધીશોની પેનલનો સમાવેશ થાય છે.

## શ્રી રવિચંદ્રન અશ્વિન 500 ટેસ્ટ વિકેટ લેનાર બીજા ભારતીય




ભારતીય સ્પીનર બોલર શ્રી રવિચંદ્રન અશ્વિને ઈંગ્લેન્ડ સામે ચાલી રહેલી ટેસ્ટ મેચ દરમિયાન તેમની કારકિર્દીની 500 વિકેટ પૂર્ણ કરી છે.

- આ સાથે શ્રી આર. અશ્વિને 500 ટેસ્ટ વિકેટના વિશેષ માઈલસ્ટોન સુધી પહોંચનાર શ્રી અનિલ કુંબલે પછી એકંદરે નવમો બોલર અને ભારત માટે બીજો બોલર બનીને ક્રિકેટ રેકોર્ડમાં પોતાનું નામ બનાવ્યું છે.
- ભારતીય ક્રિકેટરોમાં ટેસ્ટમાં 619 વિકેટ સાથે શ્રી અનિલ કુંબલે પ્રથમ ક્રમે છે.
- ત્યારબાદ બીજા નંબરે શ્રી રવિચંદ્રન અશ્વિન છે.
- જ્યારે વિશ્વ સ્તરે ટેસ્ટ ક્રિકેટમાં સૌથી વધુ વિકેટ લેવાનો રેકોર્ડ શ્રીલંકાના બોલર શ્રી એમ. મુરલીધરનના નામે છે, તેમણે ટેસ્ટ ક્રિકેટમાં 800 વિકેટ લીધી છે.

## NASA અને JAXA લાકડાથી બનેલો ઉપગ્રહ લોન્ચ કરશે

NASA (અમેરિકા) અને જાપાનની સ્પેસ એજન્સી JAXA 2024માં જ વિશ્વના પ્રથમ લાકડાના સેટેલાઈટને પ્રક્ષેપિત કરવાની યોજના બનાવી રહી છે.



- આ ઉપગ્રહને લિગ્નોસેટ પ્રોબ નામ આપવામાં આવ્યું છે.
- આ લિગ્નોસેટ મેગ્નોલિયા લાકડામાંથી બનાવાયો છે, જે ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન પર કરાયેલા પ્રયોગમાં સ્થિર અને તિરાડ પ્રતિરોધક જણાયો છે.
- મીડિયા રિપોર્ટ અનુસાર સેટેલાઈટનું નિર્માણ ક્યોટો યુનિવર્સિટી અને લોગિંગ કંપની સુમિતોમો વાનિકીના વિજ્ઞાનીઓએ કર્યુ છે.
- તેમનો હેતુ બાયોડિગ્રેડેબલ સામગ્રીનો ઉપયોગ અંતરિક્ષ માટે કઈ રીતે કરી શકાય તે જાણવાનો હતો.
- નોંધનીય છે કે લાકડાના નમૂના ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન ખાતે મોકલવામાં આવ્યા હતા, ત્યાં એક વર્ષ સુધી પરીક્ષણ કરવામાં આવ્યું હતું.
- આ પરીક્ષણમાં લાકડાના નમૂનાઓમાં નુકસાન, વિઘટન અથવા સામૂહિક ફેરફારોના કોઈ ચિહ્નો મળ્યા ન હતા.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## પરીક્ષાલક્ષી સંભવિત પ્રશ્નો

1. ‘વિશ્વ સામાજિક ન્યાય દિવસ’ તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 18 ફેબ્રુઆરી (B) 19 ફેબ્રુઆરી (C) 20 ફેબ્રુઆરી (D) 21 ફેબ્રુઆરી (C)

2. વર્ષ 2024ના ‘વિશ્વ સામાજિક ન્યાય દિવસ’ની થીમ જણાવો ?

(A) Closing the Inequalities Gap to Achive Social Justice

(B) A Call for Social in the Digital Economy

(C) Overcoming Barriers and Unleashing Opportunities for Social Justice

(D) Bridging Gaps, Building Alliances (D)

3. તાજેતરમાં ઈન્ટરનેશનલ કોર્ટ ઓફ જસ્ટિસ (ICJ)ના નવા પ્રમુખ તરીકે કોણ ચૂંટાયું છે ?

(A) જોન ડોનોગ્યુ (B) અબ્દુલ કાવી યુસુફ

(C) ગ્રીનવુડ ક્રિસ્ટેફોર (D) નવાફ સલામ (D)

4. 'International Court of Justice' (ICJ)નું વડું મથક કયાં આવેલું છે ?

(A) હેગ, નેધરલેન્ડ (B) પેરીસ, ફ્રાન્સ

(C) કેમરુન, ઓસ્ટ્રેલિયા (D) ન્યુયોર્ક, અમેરિકા (A)

5. તાજેતરમાં નીચેના પૈકી કયો ભારતીય બોલર ટેસ્ટ ક્રિકેટમાં 500 વિકેટ લેનાર બીજો ભારતીય બન્યો છે ?

(A) શ્રી રવીન્દ્ર જાડેજા (B) શ્રી આર.અશ્વિન

(C) શ્રી જસપ્રીત બુમરાહ (D) શ્રી કુલદીપ યાદવ (B)

6. તાજેતરમાં NASA અને કયા દેશની અવકાશ એજન્સીએ વિશ્વના પ્રથમ લાકડાના ઉપગ્રહને લોન્ચ કરવાની યોજના બનાવી છે ?

(A) જાપાન (B) રશિયા (C) ભારત (D) યુનાઈટેડ કિંગ્ડમ (A)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## દિવસ મહિમા : 21 ફેબ્રુઆરી, આંતરરાષ્ટ્રીય માતૃભાષા દિવસ (International Mother Language Day)

ભાષાકીય અને સાંસ્કૃતિક વિવિધતા અંગે જાગૃતિ લાવવા તથા બહુભાષાવાદને પ્રોત્સાહન આપવા માટે 21 ફેબ્રુઆરીના રોજ સમગ્ર વિશ્વમાં 'આંતરરાષ્ટ્રીય માતૃભાષા દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- 17 નવેમ્બર, 1999ના રોજ યુનેસ્કો દ્વારા 'આંતરરાષ્ટ્રીય માતૃભાષા દિવસ'ની ઉજવણીની જાહેરાત કરવામાં આવી હતી.
- આ અંતર્ગત સૌપ્રથમ 21 ફેબ્રુઆરી, 2000ના રોજ આ દિવસની ઉજવણી કરવામાં આવી હતી.
- બાંગ્લાદેશમાં 1952માં થયેલી બંગાળી ભાષા ચળવળને માન્યતા આપવા માટે 21 ફેબ્રુઆરીના રોજ 'આંતરરાષ્ટ્રીય માતૃભાષા દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.
- UNESCO દ્વારા જાહેર કરવામાં આવેલી વર્ષ 2024ના 'આંતરરાષ્ટ્રીય માતૃભાષા દિવસ'ની થીમ '**Multilingual education - a pillar of learning and Intergenerational learning**' છે.

## CMS માટે પક્ષકારોની 14મી કોન્ફરન્સ (COP-14)

વન્યપ્રાણીઓની સ્થળાંતરિત પ્રજાતિઓના સંરક્ષણ પરના સંમેલન (CMS 14) માટે કોન્ફરન્સ ઓફ પાર્ટીઝ (COP)ની ચૌદમી બેઠક ઉઝબેકિસ્તાનના સમરકંદમાં યોજાઈ હતી.

### CMS COP 14ની મુખ્ય વિશેષતા

બેઠકમાં પક્ષો 14 સ્થળાંતરિત પ્રજાતિઓના સંરક્ષણ સંબંધિત સૂચિબદ્ધ દરખાસ્તોને અપનાવવા સંમત થયા હતા.

- તેમાં યુરેશિયમ લિન્કસ, પેરુવિયન પેલિકન, પલાસની બિલાડી, ગુઆનાકો, લાહેલીની બોટલનોઝ ડોલ્ફિન, હાર્બર પોર્પોઈઝ, મેગેલેનિક પ્લોવર, દાઢીવાળા ગીધ, બ્લેકચીન ગિટારફેશ, બુલ રે, લુસિટાનિયન કાઉનોઝ રે, ગિલ્ડેડ કેટફિશ અને લાઉલાનો સમાવેશ થાય છે.
- આ સૂચિઓનો હેતુ ઉક્ત જાતિઓ માટે સંરક્ષણ અને સંરક્ષણના પ્રયાસોને વધારવાનો છે.
- પ્રસ્તાવમાં સ્થળાંતર કરતી પ્રજાતિઓ માટેના સંરક્ષણ જોખમોને દૂર કરવા, સંશોધન કરવા અને સંરક્ષણ નીતિઓ લાગુ કરવા માટે શ્રેણીના રાજ્યો વચ્ચે સહકાર વધારવાના મહત્ત્વ પર ભાર મૂક્યો હતો.

- પ્રસ્તાવમાં રજૂ કરાયેલા પ્રયાસોના મુખ્ય ધ્યેયો હાલની વસતીને બચાવવા, કનેક્ટિવિટી વધારવા, રહેઠાણનું રક્ષણ અને તેમની સંખ્યામાં વધારો કરવાના હતા.
- આ બેઠકમાં સ્થળાંતરિત પ્રજાતિઓ માટેના વિવિધ ચાલુ જોખમો પર પ્રકાશ પાડવામાં આવ્યો હતો, જેમાં વસવાટની અધોગતિ, વિભાજન, ગેરકાયદેસર વેપાર, બાયકેચ દૂષકો અને કેટલીક માનવ પ્રવૃત્તિઓ જેમ કે ફેન્સીંગ, તેલ અને ગેસ, ખાણકામ અને પાણીની અંદરના અવાજ માટે પર્યાવરણીય અદ્યોગતિ જેવી પ્રવૃત્તિઓનો સમાવેશ થાય છે.
- CMS પરિશિષ્ટમાં આ પ્રજાતિઓનો સમાવેશ કરવાનો હેતુ આ જોખમોને દૂર કરવાનો અને તેમના સંરક્ષણને પ્રોત્સાહન આપવાનો છે.
- ઉત્તર મેસેડોનિયા, કઝાકિસ્તાન, ઉઝબેકિસ્તાન, ચિલી, આર્જેન્ટિના, પેરુ, બ્રાઝિલ, ઉરૂગ્વે, એક્વાડોર, પનામા અને અન્ય દેશોએ ટેકો આપ્યો હતો.

**નોંધ :** (1) CMS એ યુનાઈટેડ નેશન્સ એન્વાયર્નમેન્ટ પ્રોગ્રામ હેઠળની આંતર–સરકારી સંધિ છે–જેને બોન કન્વેન્શન તરીકે ઓળખવામાં આવે છે.

(2) તેના પર વર્ષ 1979માં હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા અને તે 1983થી અમલમાં છે.

(3) ભારત પણ 1983થી CMSનું સભ્ય છે.

(4) CMSનો ઉદ્દેશ્ય સમગ્ર પ્રદેશમાં પાર્થિવ, દરિયાઈ અને પક્ષીઓની સ્થળાંતર કરતી પ્રજાતિઓનું સંરક્ષણ કરવાનો છે. તે વૈશ્વિક સ્તરે સંરક્ષણ પગલા લેવા માટે કાનૂની આધાર બનાવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ઉત્તરપ્રદેશના સંભલમાં શ્રી કલ્કિ ધામ મંદિરનો શિલાન્યાસ કર્યો




19 ફેબ્રુઆરી, 2024ના રોજ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ઉત્તરપ્રદેશના સંભલ જિલ્લામાં શ્રી કલ્કી ધામ મંદિરનો શિલાન્યાસ કર્યો હતો.

- આ ઉપરાંત વડાપ્રધાનશ્રીએ શ્રી કલ્કિ ધામ મંદિરના મોડલનું પણ અનાવરણ કર્યુ હતું.
- શ્રી કલ્કિ ધામનું નિર્માણ શ્રી કલ્કિ ધામ નિર્માણ ટ્રસ્ટ દ્વારા કરવામાં આવી રહ્યું છે, જેના અધ્યક્ષ આચાર્ય પ્રમોદ કૃષ્ણમ છે.

- આ મંદિર ભગવાન કલ્કિ અવતારને સમર્પિત છે. હિન્દુ પૌરાણિક કથાઓ અનુસાર કલ્કિ ભગવાન વિષ્ણુનો દસમો અને છેલ્લો અવતાર હશે.
- તેને વિશ્વનું અનોખું મંદિર માનવામાં આવે છે કારણ કે તે પહેલુ મંદિર છે જ્યાં અવતાર પહેલા ભગવાનના મંદિરની સ્થાપના કરવામાં આવી છે.
- મંદિરની અંદરના દસ ગર્ભગૃહ ભગવાન વિષ્ણુના દસ અવતારોનું પ્રતીક છે.

## Henley Passport Index 2024

Henley & Partners દ્વારા ફેબ્રુઆરી, 2024 દરમિયાન પ્રસિદ્ધ થયેલા વર્ષ 2024ના Passport Indexમાં વિવિધ દેશોમાં ભારત 85માં ક્રમે છે.



- આ ઈન્ડેક્સ અનુસાર ભારતીય પાસપોર્ટ ધરાવનારાઓને 62 સ્થળોએ વિઝા મુક્ત પ્રવેશ મળે છે.
- આ ઈન્ડેક્સમાં ફ્રાન્સ, જર્મની, ઈટાલી, જાપાન, સિંગાપોર અને સ્પેન પ્રથમ ક્રમે છે.
- તે વિશ્વના સૌથી શક્તિશાળી પાસપોર્ટ તરીકે ટોચનું સ્થાન ધરાવે છે, જે 194 વૈશ્વિક સ્થળોએ વિઝા મુક્ત એક્સેસ ધરાવે છે.
- ત્યારબાદ બીજા ક્રમે ફિનલેન્ડ, નેધરલેન્ડ, દક્ષિણ કોરિયા, અને સ્વીડન છે.
- જ્યારે આ ઈન્ડેક્સમાં અંતિમ ક્રમે અફઘાનિસ્તાન છે.

### Henley Passport Index 2024 Rank

| Rank | Passport\Country | Access |
|---|---|---|
| 1 | ફ્રાન્સ, જર્મની, ઈટલી, જાપાન, સિંગાપોર, સ્પેન | 194 |
| 2 | ફિનલેન્ડ, નેધરલેન્ડ, દક્ષિણ કોરિયા, સ્વીડન | 193 |
| 3 | ઓસ્ટ્રિયા, ડેનમાર્ક, આયર્લેન્ડ, લક્ઝમબર્ગ, યુનાઈટેડ કિંગ્ડમ | 192 |
| 85 | ભારત | 62 |
| 109 | અફઘાનિસ્તાન | 28 |

INSTITUTE FOR COMPETITIVE EX

**નોંધ :** (1) <u>'હેનલે પાસપોર્ટ ઈન્ડેક્સ'</u> એ વિશ્વના તમામ પાસપોર્ટની મૂળભૂત રેન્કિંગ છે, જે દર્શાવે છે કે કોઈ ચોક્કસ દેશમાંથી પાસપોર્ટ ધારક અગાઉના વિઝા વિના કેટલા દેશોમાં મુસાફરી કરી શકે છે.

(2) આ ઈન્ડેક્સની સ્થાપના મૂળરૂપે <u>ડો. ક્રિશ્ચિયન એચ કેલિન</u> દ્વારા કરવામાં આવી હતી.

(3) વર્ષ 2006માં તેને લોન્ચ કરવામાં આવ્યો હતો. આ ઈન્ડેક્સ 199 પાસપોર્ટની રેન્કિંગ પ્રદાન કરે છે. આ ઉપરાંત 227 પ્રવાસ સ્થળોને આવરી લે છે.

ICE COMPETITIVE EXAMS



# પરીક્ષાલક્ષી સંભવિત પ્રશ્નો

1. 'આંતરરાષ્ટ્રીય માતૃભાષા દિન' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 19 ફેબ્રુઆરી (B) 20 ફેબ્રુઆરી (C) 21 ફેબ્રુઆરી (D) 22 ફેબ્રુઆરી **(C)**

2. UNESCO દ્વારા જાહેર કરવામાં આવેલી 2024ના 'આંતરરાષ્ટ્રીય માતૃભાષા દિવસ'ની થીમ શું છે ?

(A) Our Languages Our Assets

(B) Languages Without Borders

(C) Languages and World

(D) Multilingual education-a pillar of learning and Intergenerational learning **(D)**

3. તાજેતરમાં વન્યપ્રાણીઓની સ્થળાંતરિત પ્રજાતિઓના સંરક્ષણ પરના સંમેલન (CMS) માટે કોન્ફરન્સ ઓફ પાર્ટીઝ (COP)ની 14મી બેઠક ક્યાં યોજાઈ હતી ?

(A) ટોક્યો, જાપાન (B) સમરકંદ, ઉઝબેકિસ્તાન

(C) ચેન્નાઈ, ભારત (D) બેંગકોક, થાઈલેન્ડ **(B)**

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

4. તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કયા રાજ્યમાં શ્રી કલ્કિ ધામ મંદિરનો શિલાન્યાસ કર્યો હતો ?

(A) ઉત્તરપ્રદેશ (B) મધ્યપ્રદેશ (C) મહારાષ્ટ્ર (D) તમિલનાડુ **(A)**

5. હેનલે એન્ડ પાર્ટનર્સ દ્વારા ફેબ્રુઆરી, 2024માં પ્રસિદ્ધ થયેલા 'Henley Passport Index 2024'માં ભારત કયા ક્રમે છે ?

(A) 80 (B) 82 (C) 85 (D) 90 **(C)**

## મિશન એસ્પાઈડ્સ (Mission Aspides)

યુરોપિયન યુનિયને તાજેતરમાં લાલ સમુદ્ર (Red Sea)માં વ્યાપારી જહાજોને ઈરાન સમર્થિત હુથી(હૌથી) બળવાખોરોના હુમલાઓથી બચાવવા માટે 'મિશન એસ્પાઈડ્સ' શરૂ કર્યુ છે.

- મિશન એસ્પાઈડ્સ યુરોપિયન યુનિયન (EU) નેવલ મિશન છે, જે લાલ સમુદ્રમાં કાર્ગો જહાજોને હુથી બળવાખોરોના હુમલાઓથી સુરક્ષિત કરે છે.
- આ મિશનમાં લાલ સમુદ્ર, એડનની અખાત અને આસપાસના પાણીમાં યુદ્ધ જહાજો અને એરબોર્ન પ્રારંભિક ચેતવણી પ્રણાલીઓ તૈનાત કરવાનો સમાવેશ થાય છે.
- અત્યાર સુધીમાં ફ્રાન્સ, જર્મની, ઈટાલી અને બેલ્જિયમે જણાવ્યું કે તેઓ જહાજોનું યોગદાન આપવાની યોજના ધરાવે છે.

### હુથીઓ કોણ છે ?

હુથીઓ (અથવા હૌથી) યમનમાં બળવાખોર જૂથ છે.

- તેઓ લગભગ એક દાયકાથી યમન સરકાર સાથે ગૃહયુદ્ધ લડી રહ્યા છે.
- તેમનું નામ હુથી જાતિના નામ પરથી રાખવામાં આવ્યું છે. તેઓ ઈરાન દ્વારા સમર્થિત છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### લાલ સમુદ્ર વિશે

લાલ સમુદ્ર એ આફ્રિકા અને એશિયા વચ્ચે સ્થિત પાણીનો લાંબો સાંકડો ભાગ છે.




- તે વિશ્વના સૌથી ગરમ સમુદ્રોમાંનો એક છે.
- તે અરબી સમુદ્ર અને હિંદ મહાસાગર સાથે દક્ષિણમાં એડનના અખાત અને બાબ અલ–મંડેબની સાંકડી સ્ટ્રેટ દ્વારા જોડાયેલ છે.
- લાલ સમુદ્રનો ઉત્તરીય ભાગ સિનાઈ દ્વીપકલ્પ દ્વારા અકાબાના અખાત અને સુએઝના અખાતમાં વિભાજિત થયેલ છે, જ્યાં તે પ્રખ્યાત સુએઝ નહેર ભૂમધ્ય સમુદ્ર સાથે જોડાયેલ છે.
- યમન અને સાઉદી અરેબિયા પૂર્વમાં લાલ સમુદ્રની સરહદ ધરાવે છે.
- જ્યારે ઉત્તર અને પશ્ચિમમાં ઈજિપ્ત તથા પશ્ચિમમાં સુદાન, એરિટ્રિયા અને જીબુટી સરહદ ધરાવે છે.

## ભારતીય સેનાના નવા વાઈસ ચીફ : લેફ્ટનન્ટ જનરલ ઉપેન્દ્ર દ્વિવેદી



લેફ્ટનન્ટ જનરલ શ્રી ઉપેન્દ્ર દ્વિવેદીએ 19 ફેબ્રુઆરી, 2024ના રોજ આર્મી સ્ટાફના નવા વાઈસ ચીફ તરીકેનો ચાર્જ સંભાળ્યો છે.

- તેઓ લેફ્ટનન્ટ જનરલ શ્રી એમ.વી.સુચિન્દ્ર કુમારનું સ્થાન લેશે.
- શ્રી ઉપેન્દ્ર દ્વિવેદી નેશનલ ડિફેન્સ એકેડેમીના વિદ્યાર્થી રહી ચૂક્યા છે.
- વર્ષ 1984માં લેફ્ટનન્ટ જનરલ ઉપેન્દ્ર દ્વિવેદીનું જમ્મુ–કાશ્મીર રાઈફલ્સની 18મી બટાલિયનમાં કમિશન કરવામાં આવ્યું હતું.
- તેમણે અનેક મહત્ત્વના હોદ્દા પર જવાબદારી નિભાવી છે.
- તેમને પરમ વિશિષ્ટ સેના મેડલ અને અતિ વિશેષ સેવા મેડલ એનાયત કરવામાં આવ્યો હતો.
- 2022-2024 સુધી ઉત્તરી આર્મી કમાન્ડર તરીકે લેફ્ટનન્ટ જનરલ ઉપેન્દ્ર દ્વિવેદીએ ઉત્તરી અને પશ્ચિમી સરહદો પરની કામગીરી માટે વ્યૂહાત્મક માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. તથા સરહદ મુદ્દે ચીન સાથેની વાતચીતમાં તેઓ સક્રિય રીતે સામેલ હતા.
- તેમણે જમ્મુ અને કાશ્મીર તથા લદ્દાખના લોકો સાથે રાષ્ટ્ર નિર્માણની પહેલ અને માળખાકીય વિકાસ માટે સંકલન કર્યુ હતું.
- આ ઉપરાંત તેમણે 'આત્મનિર્ભર ભારત'ના ભાગરૂપે સ્વદેશી સાધનોના સમાવેશનું નેતૃત્વ કર્યુ હતું.
- નોંધનીય છે કે તેઓ આર્મી સ્ટાફના 46માં વાઈસ ચીફ બન્યા છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## સમ્માકા - સરલમ્મા મેદારમ જાથારા

તાજેતરમાં ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશના સૌથી મોટા આદિવાસી ઉત્સવ 'સમ્માકા સરલમ્મા જાથારા અથવા મેદારામ જાથારા'ના પ્રારંભ પર શુભેચ્છા પાઠવી હતી.



- મેદારમ જાથારા (મુખ્યત્વે કોયા આદિજાતિ દ્વારા ઉજવવામાં આવે છે) એ વિશ્વની સૌથી મોટી આદિવાસી ધાર્મિક મંડળી છે, જે દર બે વર્ષે યોજાય છે.
- જેમાં મેદારમમાં 'માઘ' (ફેબ્રુઆરી) મહિનામાં પૂર્ણીમાના દિવસે આ ચાર દિવસીય તહેવાર પર લગભગ 10 લાખ લોકો એકઠા થાય છે.
- મેદારમ એ તેલંગાણાના એતુરાનગરમ વન્યજીવ અભયારણ્યમાં એક દૂરસ્થ સ્થાન છે.
- મેદારમ જાથારા અન્યાય સામે લડનારા આદિવાસી દેવતાઓ સમ્મક્કા અને સરલમ્માની બહાદુરીનું સ્મરણ કરે છે.

# પરીક્ષાલક્ષી સંભવિત પ્રશ્નો

1. યુરોપિયન યુનિયન દ્વારા તાજેતરમાં લાલ સમુદ્રમાં શરૂ કરાયેલ 'મિશન એસ્પાઈડ્સ'નો હેતુ શું છે ?

(A) આતંકવાદ વિરોધી કામગીરી

(B) માનવતાવાદી સહાય વિતરણ

(C) હુથી બળવાખોરોના હુમલાઓથી બચાવવા વ્યાપારી જહાજોનું રક્ષણ

(D) પર્યાવરણીય સંરક્ષણના પ્રયાસો (C)

2. તાજેતરમાં ચર્ચામાં રહેલ 'હુથી અથવા હૌથી' કયા દેશનું બળવાખોર જૂથ છે ?

(A) સુદાન (B) નાઈજર (C) અલ્જેરિયા (D) યમન (D)

3. નીચેના વિધાનો પર વિચાર કરો :

1. લાલ સમુદ્ર એ આફ્રિકા અને એશિયા વચ્ચે સ્થિત પાણીનો લાંબો સાંકડો ભાગ છે.

2. લાલ સમુદ્ર વિશ્વના સૌથી ગરમ સમુદ્રમાંનો એક છે.

3. યમન અને સાઉદી અરેબિયા પૂર્વમાં લાલ સમુદ્રની સરહદ ધરાવે છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) માત્ર 1 અને 3 (B) 1, 2 અને 3

(C) માત્ર 2 અને 3 (D) માત્ર 1 અને 2 (B)

4. તાજેતરમાં આર્મી સ્ટાફના નવા વાઈસ ચીફ તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ?

(A) શ્રી ઉપેન્દ્ર દ્વિવેદી (B) શ્રી બી.આર.રાજુ

(C) શ્રી એમ.એન.પાડે (D) શ્રી વિજય શેખાવત (A)

5. તાજેતરમાં સમાચારમાં રહેલ સમક્કા–સરલમ્મા મેદારમ જાથારા શું છે ?

(A) હસ્તકલા મેળો (B) આદિવાસી ઉત્સવ

(C) મધ્યપ્રદેશનું એક ભીત ચિત્ર (D) મહારાષ્ટ્રમાં આવેલી એક ગુફા (B)

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## શ્રી શશિ થરૂરને ફ્રાન્સનો સર્વોચ્ચ નાગરિક મેડલ એનાયત કરવામાં આવશે

21 ફેબ્રુઆરી, 2024ના રોજ ફ્રેન્ચ સત્તાવાળાઓએ ભારતીય સંસદ સભ્ય અને લેખક શ્રી શશિ થરૂરને સર્વોચ્ચ ફ્રેન્ચ નાગરિક સન્માન 'શેવેલિયર ડે લા લેજીઓન ડી'ઓનર' (નાઈટ ઓફ ધ લીજન ઓફ ઓનર)થી સન્માનિત કર્યા છે.



- એવોર્ડ સમારોહ નવી દિલ્હીમાં ફ્રેન્ચ દૂતાવાસમાં યોજાયો હતો, જ્યાં ફ્રેન્ચ સેનેટના પ્રમુખ ગેરાર્ડ લાર્ચરે આ સન્માન આપ્યું હતું.
- નોંધનીય છે કે શ્રી શશિ થરૂરને એવોર્ડ આપવાની જાહેરાત ઓગસ્ટ, 2022માં કરવામાં આવી હતી.
- શ્રી શશિ થરૂર હાલમાં તિરુવનંતપુરમ મતવિસ્તારનું પ્રતિનિધિત્વ કરે છે, અને ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ પાર્ટી સાથે જોડાયેલા છે.
- તેમણે 20થી વધુ કાલ્પનિક અને બિન–કાલ્પનિક સાહિત્યિક કૃતિઓ લખી છે.

### Chevaliar de la legion d'Honneur

લીજન ઓફ ઓનર એ ફ્રેન્ચ ઓર્ડર ઓફ મેરિટ છે.

- નેપોલિયન બોનાપાર્ટે 1802માં આ સન્માનની સ્થાપના કરી હતી.
- આ સન્માન ઉત્કૃષ્ટ નાગરિક અથવા લશ્કરી આચરણ માટે આપવામાં આવે છે.

**નોંધ :** મહારાજા પ્રતાપસિંહ 1918માં આ સન્માન મેળવનાર પ્રથમ ભારતીય વ્યક્તિ હતા. ત્યારથી અત્યાર સુધી ઘણા બધા ભારતીયોને આ સન્માન આપવામાં આવ્યું છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## નવું મરાઠા આરક્ષણ બિલ

તાજેતરમાં મહારાષ્ટ્ર વિધાનસભાએ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો માટે 'મહારાષ્ટ્ર રાજ્ય આરક્ષણ બિલ, 2024' (Maharashtra State Reservation for Socially and Educationally Backward Classes Bill, 2024) પસાર કર્યું છે.

- જેમાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોની શ્રેણી હેઠળ નોકરીઓ અને શિક્ષણમાં મરાઠા સમુદાય માટે 10% અનામતને અલગ રાખવામાં આવ્યું છે.

### મરાઠા આરક્ષણ બિલ વિશેની મુખ્ય જોગવાઈઓ

મહારાષ્ટ્ર સ્ટેટ રિઝર્વેશન ફોર સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ બિલ, 2024 મહારાષ્ટ્ર રાજ્ય પછાત વર્ગ આયોગના અહેવાલના આધારે તૈયાર કરવામાં આવ્યું છે.

- આ અહેવાલ દ્વારા <u>મરાઠા સમુદાય</u>ને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ તરીકે ઓળખવામાં આવ્યો હતો, જે અનામતની જરૂરિયાતને યોગ્ય ઠેરવે છે.
- આ બિલ ભારતીય બંધારણની અનુચ્છેદ 342A(3) હેઠળ મરાઠા સમુદાયને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ તરીકે નિયુક્ત કરે છે.
- તે બંધારણના <u>અનુચ્છેદ 15(4), 15(5)</u> અને <u>16(4)</u> હેઠળ આ વર્ગ માટે આરક્ષણ પ્રદાન કરે છે.
- <u>અનુચ્છેદ 342A(3)</u> મુજબ, દરેક રાજ્ય અથવા કેન્દ્રશાસિત પ્રદેશ <u>સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો (SEBC)</u>ની યાદી તૈયાર કરી શકે છે અને જાળવી શકે છે. આ સૂચિઓ સંબંધિત વિષયની કેન્દ્રીય સૂચિથી અલગ હોઈ શકે છે.
- <u>અનુચ્છેદ 15(4)</u> રાજ્યને કોઈપણ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના નાગરિકો અથવા અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિની પ્રગતિ માટે વિશેષ જોગવાઈઓ કરવાની સત્તા આપે છે.
- અનુચ્છેદ 15(5) રાજ્યને લઘુમતિ શૈક્ષણિક સંસ્થાઓ સિવાય પછાત વર્ગો, અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત જનજાતિઓ માટે શૈક્ષણિક સંસ્થાઓમાં પ્રવેશમાં બેઠકો અનામત રાખવાની જોગવાઈ કરવા સક્ષમ બનાવે છે.
- કમિશનના અહેવાલમાં મરાઠા સમુદાયને સર્વોચ્ચ અદાલત દ્વારા નિર્ધારિત 50% મર્યાદા (ઈન્દિરા સાહની ચુકાદો, 1992) કરતા વધુ અનામતને ન્યાયી ઠેરવતા 'અસામાન્ય સંજોગો અને અસાધારણ સંજોગો' પર પ્રકાશ પાડવામાં આવ્યો હતો.
- મહારાષ્ટ્રમાં હાલમાં 52% અનામત છે, જેમાં વિવિધ શ્રેણીઓ જેમ કે SC, ST, OBC, મુક્ત વિચરતી અને અર્ધ–વિચરતી સમુદાયો અને અન્યનો સમાવેશ થાય છે.
- <u>મરાઠાઓ માટે 10%</u> અનામત સાથે રાજ્યમાં કુલ અનામત હવે <u>62%</u> પર પહોંચી જશે.

**નોંધ :** (1) <u>2014માં</u> <u>નારાયણ રાણેની</u> આગેવાની હેઠળની સમિતિએ ચૂંટણી પહેલા મરાઠાઓ માટે <u>16% અનામત</u>ની ભલામણ કરી હતી, જેને બાદમાં બોમ્બે હાઈકોર્ટે પડકારી હતી અને સ્ટે આપ્યો હતો.

(2) <u>2018માં</u> મહારાષ્ટ્ર સરકારે <u>ગાયકવાડ કમિશનના</u> તારણો આધારિત સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ (SEBC) કાયદો ઘડ્યો, જેમાં 16% અનામત આપવામાં આવ્યું હતું. બોમ્બે હાઈકોર્ટે તેને ઘટાડીને શિક્ષણમાં <u>12%</u> અને નોકરીઓમાં <u>13%</u> કર્યો હતો.

(3) ત્યારબાદ સુપ્રીમ કોર્ટે <u>50% ક્વોટા</u>ની ટોચ મર્યાદાને વટાવી દેવા માટે અપૂરતા પ્રયોગમૂલક ડેટાને ટાંકીને <u>મે 2021માં</u> ક્વોટાને સંપૂર્ણ રીતે રદ કર્યો હતો.

(4) ત્યારબાદ જસ્ટિસ (નિવૃત્ત) <u>સુનિલ બી શુક્રેના</u> નેતૃત્વમાં મહારાષ્ટ્ર રાજ્ય પછાત વર્ગ આયોગની સ્થાપના ડિસેમ્બર 2023માં મરાઠા આરક્ષણ મુદ્દાનું પુનઃમૂલ્યાંકન કરવા માટે કરવામાં આવી હતી.

## SAMAR Air Defence Missile System

- SAMAR એર ડિફેન્સ મિસાઈલ સિસ્ટમને તાજેતરમાં રાજસ્થાનના જેસલમેરમાં વાયુશક્તિ કવાયત દરમિયાન ડેબ્યુ કરવામાં આવી હતી.

### SAMAR એર ડિફેન્સ મિસાઈલ સિસ્ટમ વિશે

સરફેસ ટુ એર મિસાઈલ ફોર એશ્યોર્ડ રિટેલિયેશન (SAMAR) એ ટૂંકા અંતરની એર–ડિફેન્સ સિસ્ટમ છે.

- આ એર ડિફેન્સ મિસાઈલ સિસ્ટમ ભારતમાં જ વિકસિત કરવામાં આવી છે અને તે સ્વદેશી ડિઝાઈન પર આધારિત છે.



- ભારતીય વાયુસેના દ્વારા આ એર મિસાઈલ ડિફેન્સ સિસ્ટમને જૂની રશિયન મૂળની હવાથી હવામાં ફાયર કરવા વાળી મિસાઈલ સિસ્ટમનો ઉપયોગ કરીને વિકસિત કરવામાં આવી છે.
- તેની મહત્તમ રેન્જ 10 થી 12 કિ.મી.ની છે.
- તે 2 થી 2.5 મેકની સ્પીડ રેન્જમાં કાર્યરત મિસાઈલો સાથે હવાઈ ખતરાને રોકી શકે છે.

## પરીક્ષાલક્ષી સંભવિત પ્રશ્નો

1. તાજેતરમાં કયા ભારતીય રાજનેતાને ફ્રાન્સ સરકારનો સર્વોચ્ચ નાગરિક પુરસ્કાર 'શેવેલિયર ડી લા લીજન ડી'હોનૂર' એનાયત કરવામાં આવ્યો છે ?

(A) શ્રી જીતિન પ્રસાદ (B) શ્રી અરવિંદ સિંહ (C) શ્રી શશિ થરૂર (D) શ્રી અખિલેશ યાદવ **(C)**

2. તાજેતરમાં મહારાષ્ટ્ર વિધાનસભાએ નવું મરાઠા આરક્ષણ બિલ પસાર કર્યુ છે. જે અંતર્ગત સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોની શ્રેણી હેઠળ નોકરીઓ અને શિક્ષણમાં મરાઠા સમુદાય માટે _____% અનામત અલગ રાખવામાં આવ્યું છે.

(A) 10% (B) 18% (C) 2% (D) 4% **(A)**

3. તાજેતરમાં સમાચારમાં રહેલ SAMAR એર ડિફેન્સ સિસ્ટમ કયા પ્રકારની મિસાઈલ છે ?

(A) ટેન્ક વિરોધી મિસાઈલ (B) સરફેસ ટુ એર મિસાઈલ
(C) ક્રુઝ મિસાઈલ (D) એર–ટુ–સરફેસ મિસાઈલ **(B)**

## દિવસ મહિમા : 24 ફેબ્રુઆરી, Central Excise Day




દર વર્ષે 24 ફેબ્રુઆરીના રોજ સેન્ટ્રલ બોર્ડ ઓફ ઈનડાયરેક્ટ ટેક્સીસ એન્ડ કસ્ટમ્સ (CBIC) દ્વારા આપવામાં આવેલા યોગદાનને ઓળખવા અને સન્માન આપવા માટે 'Central Excise Day' (સેન્ટ્રલ એક્સાઈઝ ડે) ઉજવવામાં આવે છે.

- આ દિવસ CBIC કર્મચારીઓનું સન્માન કરે છે જેઓ કર વસુલવામાં સખત મહેનત કરે છે.
- આ દિવસની ઉજવણીનો મુખ્ય ઉદ્દેશ્ય CBIC કર્મચારીઓને તેમની ફરજો અસરકારક રીતે નિભાવવા અને દેશમાં ભ્રષ્ટાચારને રોકવા માટે પ્રેરિત કરવાનો છે.
- 24 ફેબ્રુઆરી, 1944ના રોજ સેન્ટ્રલ એક્સાઈઝ એન્ડ સોલ્ટ એક્ટ પસાર કરવામાં આવ્યો હતો.
- પાછળથી સેન્ટ્રલ એક્સાઈઝ ટેરિફ એક્ટ, 1985માં રજૂ કરવામાં આવ્યો હતો.
- અને થોડા સમય પછી આ અધિનિયમને સેન્ટ્રલ એક્સાઈઝ એન્ડ સોલ્ટ એક્ટ સાથે સંકલિત કરવામાં આવ્યો હતો. જેને 1944નો સેન્ટ્રલ એક્સાઈઝ એક્ટ કહેવામાં આવ્યો હતો.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**નોંધ :** (1) ભારતમાં ટેક્સ સિસ્ટમની શરૂઆત મીઠાથી થઈ હતી. મીઠું આપણા રોજિંદા જીવનમાં સૌથી જરૂરી ઘટકોમાંનું એક છે. જ્યારે બ્રિટિશ સરકારે મીઠાના કાયદા દ્વારા મીઠા પર કર લાદ્યો ત્યારે સમગ્ર રાષ્ટ્રએ એક થઈને અવાજ ઉઠાવ્યો હતો.

(2) CBIC ભારત સરકારના મહેસુલ વિભાગ હેઠળ કાર્ય કરે છે. જે નાણા મંત્રાલયના કાર્યક્ષેત્ર હેઠળ આવે છે. તે કેન્દ્રીય આબકારી જકાત, IGST અને CGSTની ગણતરી કરે છે અને દાણચોરીને અટકાવે છે.

## એમેઝોન રેઈનફોરેસ્ટમાં વિશ્વનો સૌથી મોટો સાપ



બ્રાઝિલના એમેઝોન રેઈનફોરેસ્ટમાં જીયોગ્રાફિકના શૂટિંગ દરમિયાન વિશ્વનો સૌથી મોટો સાપ શોધી કાઢ્યો છે.

- આ સાપનું નામ ઉત્તરીય ગ્રીન એનાકોન્ડા છે.
- આ સાપ 26 ફૂટ લાંબો અને 200 કિગ્રા વજન ધરાવે છે.

- સાપની આ પ્રજાતિને લઈને વિજ્ઞાન પત્રિકા ડાયવર્સિટીમાં એક સ્ટડી પ્રકાશિત થયો છે જેમાં જણાવ્યા મુજબ 9 દેશોના 14 વૈજ્ઞાનિકોએ સાથે મળીને વિશ્વમાં સાપની સૌથી લાંબી પ્રજાતિ ઉત્તરીય ગ્રીન એનાકોન્ડા શોધી હતી.
- ગ્રીન એનાકોન્ડા પ્રજાતિના સાપનું માથુ માણસના માથા જેવું વિશાળ હોય છે.

## અંબાજી : ગબ્બર પરિક્રમા મહોત્સવ

તાજેતરમાં પવિત્ર યાત્રાધામ અંબાજીમાં ગબ્બર પરિક્રમા મહોત્સવનું આયોજન થયું હતું.

- ગીરનારની લીલી પરિક્રમાની જેમ ગબ્બર પર્વતની પરિક્રમા કરવામાં આવી હતી.
- અંબાજીમાં ગબ્બર પર્વત પર 51 શક્તિપીઠની પ્રતિકૃતિ બનાવવામાં આવી હતી.
- નોંધનીય છે કે ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ તથા શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ અને બનાસકાંઠા જિલ્લા વહીવટીતંત્રના સંયુક્ત ઉપક્રમે વિશ્વ પ્રસિદ્ધ યાત્રાધામ અને આદ્ય શક્તિપીઠ અંબાજી ખાતે 12 થી 16 ફેબ્રુઆરી દરમિયાન આ '51 શક્તિપીઠ પરિક્રમા મહોત્સવ'નું ભવ્ય આયોજન થયું હતું.
- આ પ્રસંગે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, વિધાનસભાના અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરી, અન્ય મંત્રીઓ, ધારાસભ્યશ્રીઓ સહિત અન્ય ગબ્બર પર્વતની તળેટી ખાતે લાખો દીવડાઓની મહાઆરતીમાં સહભાગી થયા હતા.

### અંબાજી

બનાસકાંઠા જિલ્લામાં અરવલ્લીની ગિરિમાળાના એક ભાગ એવા આરાસુર ડુંગર પર અંબાજી માતાજીનું મંદિર છે.

- અંબાજી ભારતની 51 અને ગુજરાતની 3 શક્તિપીઠોમાંની એક શક્તિપીઠ છે.
- અંબાજી મંદિરને સોનાથી મઢવામાં આવ્યું છે.
- મંદિરમાં માતાજીની મૂર્તિ નથી પરંતુ સોનાના યંત્રને મૂર્તિ જેવો શણગાર અને પૂજા કરવામાં આવે છે.
- અંબાજી નજીકની ટેકરી ગબ્બર પર માતાજીનું મૂળ સ્થાનક છે.
- અહીં ભાદરવી પૂનમનો મેળો ભરાય છે.
- અંબાજીમાં રોપ–વેની વ્યવસ્થા છે.
- આ ઉપરાંત અંબાજીમાં આરસપહાણની ખાણ છે.



Join WhatsApp Group joinicerajkot.com CLICK HERE icerajkot

## પરીક્ષાલક્ષી સંભવિત પ્રશ્નો

**1.** 'Central Excise Day' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 22 ફેબ્રુઆરી (B) 23 ફેબ્રુઆરી (C) 24 ફેબ્રુઆરી (D) 25 ફેબ્રુઆરી **(C)**

**2.** તાજેતરમાં વૈજ્ઞાનિકોએ કયા જંગલમાં વિશ્વનો સૌથી મોટો સાપ શોધી કાઢ્યો છે ?

(A) એમેઝોન રેઈનફોરેસ્ટ (B) કોંગો રેઈનફોરેસ્ટ

(C) એટલાન્ટિક રેઈનફોરેસ્ટ (D) એશિયન રેઈનફોરેસ્ટ **(A)**

**3.** પવિત્ર યાત્રાધામ 'અંબાજી' ગુજરાતના કયા જિલ્લામાં આવેલું છે ?

(A) સાબરકાંઠા (B) બનાસકાંઠા (C) મહેસાણા (D) મહિસાગર **(B)**

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS



# NEWS IN SHORTS

## ગુજરાત

➤ **મુખ્યમંત્રીશ્રીએ સચિવાલય પોઈન્ટ સેવા માટે 70 નવી બસોનું ઉદ્‌ઘાટન કર્યું**



મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે વિધાનસભાના અધ્યક્ષ શ્રી શંકર ચૌધરી અને કેબિનેટ મંત્રીઓની હાજરીમાં ગુજરાત રાજ્ય માર્ગ પરિવહન નિગમ (GSRTC) દ્વારા નિયુક્ત કરાયેલી 70 નવી ST બસોનું ઉદ્‌ઘાટન કર્યું હતું. અમદાવાદ-ગાંધીનગરની ઓફિસોમાં કામ કરતા પાંચ હજારથી વધુ કર્મયોગીઓને હવે સચિવાલય પોઈન્ટ સેવા દ્વારા 70 નવી એસ.ટી. બસોની સુવિધા મળશે. વધુમાં, આ પરિવહન સેવા રાજ્યભરના નિયમિત નાગરિકોની જરૂરિયાતો પણ પૂરી કરશે, જેઓ તેમના વ્યવસાય અથવા રજૂઆત માટે સચિવાલયની મુલાકાત લે છે. નોંધનીય છે કે 2022-23 અને 2023-24 માટે બજેટની ફાળવણી મુજબ પેસેન્જર સેવા માટે સુપર એક્સપ્રેસ, ગુર્જરનગરી અને સ્લીપર કોચ સહિત કુલ 2,812 નવા વાહનો રજૂ કરવામાં આવશે. આ નવા વાહનોમાં મુખ્યમંત્રીના હસ્તે સચિવાલય પોઈન્ટ સેવા માટે 70 બસોનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

➤ **શ્રી વાળીનાથ મહાદેવ સુવર્ણશિખર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ**



વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની ઉપસ્થિતિમાં મહેસાણાના તરભ ગામે વાળીનાથ મહાદેવ સુવર્ણ શિખર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાયો હતો. શ્રી વાળીનાથ મહાદેવ સુવર્ણ શિખર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ દરમિયાન રૂ.13,000 કરોડની વિવિધ વિકાસ યોજનાઓનું વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ઉદ્‌ઘાટન કર્યું હતું. તરભ ખાતેનું આ રાજ્યનું બીજા નંબરનું સૌથી મોટું મહાદેવજીનું મંદિર છે. વાળીનાથ મંદિરની ઊંચાઈ 101 ફૂટ, લંબાઈ 265 ફૂટ અને પહોળાઈ 165 ફૂટ છે. લોકવાયકા પ્રમાણે વાળીનાથ મંદિરમાં મહાભારતકાળથી પૂજા થતી આવી છે. આ શિવ મંદિર પરિસરમાં વિશાળ ઝૂમ્મર લગાવવામાં આવ્યું છે આ ઝૂમ્મરનું વજન 400 કિલ્લોથી વધુ છે અને 18 ફૂટ જેટલું લાંબુ છે.

➤ **ઝવેરચંદ મેઘાણી ભવન**



આંતરરાષ્ટ્રીય માતૃભાષા દિવસની પૂર્વસંધ્યાએ આયોજિત 'માતૃભાષા મહોત્સવ'માં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે ગુજરાત સાહિત્ય અકાદમીના નૂતન ભવન 'ઝવેરચંદ મેઘાણી ભવન'નું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ દરમિયાન મુખ્યમંત્રીશ્રીના વરદ હસ્તે ગુજરાતી સાહિત્ય અકાદમીના નવા સંકલ્પ ઓડિયો બુક અને ઈ-બુકનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત મુખ્યમંત્રીશ્રીના હસ્તે નવલકથા, ટૂંકી વાર્તા, વિવેચન, આત્મકથા, લોક સાહિત્ય અને અનુવાદ ક્ષેત્રના શ્રેષ્ઠ પુસ્તકના વિજેતાઓને પારિતોષિક એનાયત કરવામાં આવ્યા હતા.

## ભારત

➤ **કોલેરાના પ્રકોપને રોકવા માટે ઝામ્બિયાને સહાય**

ભારતે કોલેરા ફાટી નીકળતા ઝામ્બિયાને તબીબી અને સામગ્રી સહાય પૂરી પાડી હતી. ભારતે ઝામ્બિયાને પાણી શુદ્ધિકરણ પુરવઠો, ક્લોરિન ટેબ્લેટ્સ અને ઓરલ રિહાઈડ્રેશન સોલ્યુશન (ORS) સેચેટનો સમાવેશ કરતી સહાય પૂરી પાડી હતી. કોલેરા એ તીવ્ર ઝાડાનો ચેપ છે જે વિબ્રિઓ કોલેરા બેક્ટેરિયામાંથી દૂષિત ખોરાક અથવા પાણીના વપરાશને કારણે થાય છે. તે જાહેર આરોગ્ય માટે વૈશ્વિક ખતરો છે અને અસમાનતા અને સામાજિક વિકાસના અભાવને પ્રતિબિંબિત કરે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

➤ **પુરુલિયા છાઉ, લોકનૃત્ય**



તાજેતરમાં કેરળના કોઝિકોડમાં પુરુલિયા છાઉ, લોકનૃત્ય રજૂ કરવામાં આવ્યું હતું. છાઉ એ પૂર્વીય ભારતનું અર્ધ–શાસ્ત્રીય નૃત્ય સ્વરૂપ છે જેમાં આદીવાસી અને લોક મૂળના મિશ્રણ છે. તેના પ્રદર્શનમાં એક્રોબેટીક્સથી લઈને માર્શલ–આર્ટ સુધીની શ્રેણી છે અને તેમાં ધાર્મિક થીમ્સની આસપાસ રચાયેલા નૃત્યોનો પણ સમાવેશ થાય છે. પુરુલિયા છાઉ નામ બંગાળના પુરુલિયા જિલ્લામાંથી આવ્યું છે જે છાઉનો ગઢ છે. તે છાઉ નૃત્યની ત્રણ અલગ–અલગ શૈલીમાંથી એકનું પ્રતિનિધિત્વ કરે છે. અન્ય બે ઝારખંડની સરાઈકેલા છાઉ અને ઓડિશાની મયુરભંજ છાઉ છે. પુરુલિયા અને સરાઈકેલા પાત્રોને ઓળખવા માટે માસ્કનો ઉપયોગ કરીને વિવિધ શૈલીઓ વચ્ચે કોસ્ચ્યુમ બદલાય છે. 2010માં યુનેસ્કોની માનવતાના અમૂર્ત સાંસ્કૃતિક વારસાની પ્રતિનિધિ સૂચિમાં તેનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

➤ **જાપાન ભારતીય પ્રોજેક્ટ્સને ફાઈનાન્સ કરવા માટે રૂ.12,800 કરોડની લોન આપશે**

21 ફેબ્રુઆરી, 2024ના રોજ જાપાનની સરકારે દ્વિપક્ષીય આર્થિક સંબંધોને મજબૂત કરવાના હેતુથી નવ નિર્ણાયક ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ઈનોવેશન પ્રમોશન પ્રોજેક્ટ્સના વિકાસ માટે ભારત સાથે JPY 232.209 બિલિયન યેન, આશરે રૂ.12,800 કરોડના લોન કરાર પર હસ્તાક્ષર કર્યા હતા. વેપારને ટેકો આપવા માટે ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં અંતરને દૂર કરવા પૂર્વોત્તર રાજ્યોમાં રોડ નેટવર્ક લિંકેજને સુધારવા માટે રૂ.2600 કરોડથી વધુની મંજૂરી આપવામાં આવી છે. નાગાલેન્ડમાં આ પ્રોજેક્ટ સાર્વત્રિક આરોગ્ય કવરેજના ધ્યેય સાથે મેડિકલ કોલેજ હોસ્પિટલનો વિકાસ કરીને તૃતીય સ્તરની તબીબી સેવા પ્રદાન કરવામાં મદદ કરશે. તેલંગાણામાં મહિલા ઉદ્યોગ સાહસિકો અને MSME ક્ષેત્રને લક્ષ્યાંક બનાવીને કૌશલ્ય વિકાસ અને નવીનતાના પ્રચાર માટે આશરે રૂ.1900 કરોડ ફાળવવામાં આવ્યા છે. 37 કિ.મી. ઊંચા કોરિડોર દ્વારા ટ્રાફિકની ભીડને હળવી કરવા ચેન્નાઈની આસપાસના મુખ્ય પેરિફેરલ રિંગ રોડના નિર્માણ માટે રૂ.2650 કરોડ ફાળવવામાં આવ્યા છે. હરિયાણામાં ક્લાઈમેટ સ્માર્ટ હોર્ટિકલ્ચર પહેલને કૃષિ ઉત્પાદકતા અને સ્થિતિસ્થાપકતા વધારવા માટે રૂ.640 કરોડની સહાય આપવામાં આવશે.

➤ **સુફલામ 2024**

સ્ટાર્ટ અપ ફોરમ એસ્પાયરિંગ લીડર્સ એન્ડ મેન્ટર્સ–સુફલામ 2024નો ઉદ્દેશ્ય ફૂડ પ્રોસેસિંગના ક્ષેત્રમાં સ્ટાર્ટ–અપ્સને ફૂડ પ્રોસેસિંગના વિવિધ પાસાઓમાં નવીનતા, સહયોગ અને અદ્યતન તકનીકો દ્વારા સ્થાપિત ફૂડ બિઝનેસમાં પરિવર્તિત કરવામાં મુખ્ય ભૂમિકા ભજવે છે. તેનું ઉદ્ઘાટન કેન્દ્રીય ખાદ્ય પ્રક્રિયા ઉદ્યોગ મંત્રાલય દ્વારા કરવામાં આવ્યું હતું. ઈવેન્ટમાં સ્ટાર્ટઅપ ઓવરવ્યુ, ફૂડ રેગ્યુલેશન અને બિઝનેસ અને સ્ટાર્ટઅપ્સ માટે ફાઈનાન્સિયલ મોડેલિંગ પર જ્ઞાન સત્રોનો સમાવેશ થાય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

➤ **ખજૂરાહો ફેસ્ટિવલની સુવર્ણ જયંતિ**



20 ફેબ્રુઆરી, 2024ના રોજ મધ્યપ્રદેશના મુખ્યમંત્રી શ્રી ડો. મોહન યાદવે 1975માં શરૂ થયેલા ભારતના પ્રખ્યાત અઠવાડિયા–લાંબા સાંસ્કૃતિક કર્નિવાલના 50 વર્ષ નિમિત્તે પ્રતિષ્ઠિત ખજૂરાહો નૃત્ય ફેસ્ટિવલની સુવર્ણ જયંતિ આવૃત્તિનું ઉદ્ઘાટન કર્યુ હતું. આ નૃત્ય કાર્યક્રમનો ઉદ્દેશ્ય કથક, ઓડિસી, મણિપુરી, ભારત નાટ્યમ, કુચીપુડી અને મોહિનીઅટ્ટમ જેવા વિવિધ ભારતીય શાસ્ત્રીય નૃત્ય સ્વરૂપો સાથે ભારતના નૃત્ય, કલાકારો, સંસ્કૃતિ અને વારસાને પ્રોત્સાહન આપવા અને પ્રોત્સાહિત કરવાનો છે.

## વિશ્વ

➤ **જાપાને સફળતાપૂર્વક નેક્સ્ટ જનરેશનનું H3 રોકેટ લોન્ચ કર્યુ**



18 ફેબ્રુઆરી, 2024ના રોજ જાપાન એરોસ્પેસ એક્સપ્લોરેશન એજન્સી (JAXA)એ તેના નેક્સ્ટ જનરેશન H3 લોન્ચ વ્હીકલના સફળ પ્રથમ ઓર્બિટલ લોન્ચની જાહેરાત કરી હતી. નવા ફ્લેગશિપ રોકેટે તેના પરીક્ષણ પેલોડને 2022માં અગાઉના બે નિષ્ફળ પ્રક્ષેપણ પ્રયાસો પછી નિર્ધારિત ભ્રમણકક્ષામાં પહોંચાડ્યું હતું. 2001થી ઉપયોગમાં લેવાતા વિશ્વસનીય H-IIA રોકેટના અનુગામી તરીકે JAXA અને જાપાની ઉત્પાદન મિત્સુબિશી હેવી ઈન્ડસ્ટ્રીઝ દ્વારા H3 રોકેટ એક દાયકા કરતા વધુ સમયથી વિકાસ હેઠળ છે. તે લવચીક અને ખર્ચ–અસરકારક ઉપગ્રહ પ્રક્ષેપણ માટે રચાયેલ છે. વિવિધ પેલોડ રૂપરેખાંકનોને વહન કરવાની ઉચ્ચ ક્ષમતા અને વૈવિધ્યતા સાથે H3નો ઉદ્દેશ્ય સ્પેસ એક્સના ફાલ્કન-9 જેવા વિદેશી કોમર્શિયલ રોકેટના હરીફ તરીકે વૈશ્વિક સ્તરે સ્પર્ધા કરતી વખતે જાપાનની સ્વતંત્ર અવકાશ એક્સેસને સુરક્ષિત કરવાનો છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



# અન્ય મહત્વનું **વનલાઈનર કરંટ અફેર્સ**

1. તાજેતરમાં યુપી સરકારે ડિઝાસ્ટર મેનેજમેન્ટને વધારવા માટે કઈ સંસ્થા સાથે સહયોગ કર્યો છે ? – IIT રૂરકી
2. તાજેતરમાં સરકારે કયા ક્ષેત્રમાં ગ્રીન હાઈડ્રોજનનો ઉપયોગ કરવા માટે પાયલોટ પ્રોગ્રામ શરૂ કરવા માટેની માર્ગદર્શિકા બહાર પાડી છે ? – પરિવહન ક્ષેત્ર
3. કેસિની–હ્યુજેન્સ મિશન તાજેતરમાં ચર્ચામાં હતું, તેનો પ્રાથમિક ઉદ્દેશ્ય શું હતો ? – શનિના વાતાવરણ અને ચંદ્રોની તપાસ કરવાનો
4. પુરાતત્વવિદ્એ તાજેતરમાં કયા રાજ્યમાં આઠમી સદીનું 'કોતરવાઈ શિલ્પ' શોધ્યું હતું ? – તમિલનાડુ
5. 16મી વર્લ્ડ સોશિયલ ફોરમ (WSF) 2024ની બેઠક કયાં યોજાઈ હતી ? – કાઠમંડુ
6. તાજેતરમાં સમાચારમાં રહેલ મુખ્યમંત્રી કન્યા સુમંગલ યોજના કયા રાજ્યની પહેલ છે ? – ઉત્તરપ્રદેશ
7. તાજેતરમાં કઈ બેંકે 'બેસ્ટ ટેક્નોલોજી બેંક ઓફ ધ યર એવોર્ડ'નો ખિતાબ જીત્યો છે ? – દક્ષિણ ભારતીય બેંક
8. તાજેતરમાં કયો દેશ મધ્ય પૂર્વમાં 'ડ્રીમ ઓફ ધ ડેઝર્ટ' ટ્રેન શરૂ કરી રહ્યો છે ? – સાઉદી અરેબિયા
9. તાજેતરમાં ચર્ચામાં રહેલ પાંડારામ જમીન કયાં આવેલી છે ? – લક્ષદ્વીપ
10. સંશોધકોએ તાજેતરમાં ઓડિશાના કયા તળાવમાં દરિયાઈ એમ્ફીપોડની નવી પ્રજાતિની શોધ કરી છે ? – ચિલિકા તળાવ
11. તાજેતરમાં 11માં આંતરરાષ્ટ્રીય પેપેટ ફેસ્ટિવલનું ઉદ્‌ઘાટન કયાં થયું હતું ? – ચંદીગઢ
12. ભારતે ઓપન સોર્સ ડિજિટલ પબ્લિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર શેર કરવા માટે કયા દેશ સાથે સમજૂતી કરાર પર હસ્તાક્ષર કર્યા છે ? – કોલંબિયા
13. કયો દિવસ વૈશ્વિક પ્રવાસન સ્થિતિસ્થાપકતા દિવસ તરીકે ઉજવવામાં આવે છે ? – 17 ફેબ્રુઆરી
14. તાજેતરમાં સમાચારમાં રહેલ 'મેલઘાટ ટાઈગર રિઝર્વ' કયા રાજ્યમાં આવેલું છે ? – મહારાષ્ટ્ર
15. તાજેતરમાં સમાચારમાં રહેલ સોમિનસાઈ ઉત્સવ કયા દેશ સાથે સંકળાયેલો છે ? – જાપાન
16. તાજેતરમાં કયા દેશની સંસદે સહકાર વધારવા માટે ક્વાડ બિલ પસાર કર્યુ છે ? – યુનાઈટેડ સ્ટેટ્સ
17. કઈ સંસ્થાએ ભારતના યુનિફાઈડ પેમેન્ટ્સ ઈન્ટરફેસ (UPI) અને નેપાળના નેશનલ પેમેન્ટ્સ ઈન્ટરફેસ (NPI)ને એકીકૃત કરવા માટે RBI સાથે કરાર પર હસ્તાક્ષર કર્યા હતા ? – નેપાળ રાષ્ટ્ર બેંક
18. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી કયા રાજ્યમાં બિર લચિત બોરફૂકનની 125 ફૂટની પ્રતિમાનું અનાવરણ કરશે ? – જોરહાટ, આસામ

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

19. વૃક્ષારોપણની પ્રવૃત્તિઓમાં સમુદાયની ભાગીદારીને પ્રોત્સાહિત કરવા માટે કયા રાજ્યના મુખ્યમંત્રીશ્રીએ 'વનમિત્ર' યોજના શરૂ કરી છે ? – હરિયાણા

20. કઈ કંપનીએ વેપારીઓ માટે 'UPI પર ક્રેડિટ લાયસન્સ' સુવિધા રજૂ કરવા માટે NPCI સાથે ભાગીદારી કરી છે ? – Payu

21. સંયુક્ત રાષ્ટ્રમાં સામાજિક વિકાસ કમિશનના 62માં સત્રની અધ્યક્ષતા કયા દેશે કરી હતી ? – ભારત

22. તાજેતરમાં કઈ સંસ્થાએ સાઉન્ડ–આધારિત એન્ટિ–ડ્રોન સિસ્ટમ વિકસાવી છે ? – IIT જમ્મુ

23. ભારત _____ એક્સપ્રેસ–વે પર સેટેલાઈટ–આધારિત ટોલિંગ શરૂ કરવાની યોજના ધરાવે છે ? – મૈસુર–બેંગ્લુરુ એક્સપ્રેસ વે

24. ઉત્તર ભારતનું પ્રથમ 'પિઝા એટીએમ' કયા શહેરમાં શરૂ કરવામાં આવ્યું છે ? – ચંદીગઢ

25. કઈ સંસ્થાએ વીમા ઉત્પાદન 'અમૃતબાલ' લોન્ચ કર્યું છે ? – LIC

26. તાજેતરમાં બાગચી શ્રી શંકરા કેન્સર સેન્ટર એન્ડ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ (BSCCRI)નું ઉદ્‌ઘાટન ભારતના કયા રાજ્યમાં થયું હતું ? – ઓડિશા

27. કયા દેશે તાજેતરમાં સમલૈંગિક લગ્નને કાયદેસર બનાવ્યું છે, અને તે આવું કરનાર પ્રથમ ઓર્થોડોક્સ ખ્રિસ્તી રાષ્ટ્ર બન્યું છે ? – ગ્રીસ

28. ભારતનું કયું રાજ્ય દેશની પ્રથમ હેલિકોપ્ટર ઈમરજન્સી સર્વિસ (HEMS) શરૂ કરવા માટે તૈયાર છે ? – ઉત્તરાખંડ

29. JSW ગ્રૂપ અને _____ રાજ્ય સરકાર વચ્ચે હસ્તાક્ષર કરાયેલા MoUનો ઉદ્દેશ કટક અને પારાદીપમાં મેગા–સ્કેલ ઈન્ટિગ્રેટેડ ઈ.વી.પ્રોજેક્ટ સ્થાપિત કરવાનો છે, જેમાં ઈલેક્ટ્રિક પ્રોજેક્ટ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે. – ઓડિશા

30. 'નાગી પક્ષી ઉત્સવ' કયા સ્થળે યોજાશે ? – જમુઈ, બિહાર

31. 14મી વૈશ્વિક ઈમિગ્રેશન સમિટનું આયોજન કયાં કરવામાં આવ્યું હતું ? – નવી દિલ્હી

INSTITUTE FOR COMPETITIVE EXAMS

32. 20 ફેબ્રુઆરી કયા રાજ્યનો સ્થાપના દિવસ છે ? – અરૂણાચલ પ્રદેશ અને મિઝોરમ

33. ફેબ્રુઆરી, 2024માં કયા રાજ્યની વિધાનસભાએ રાજ્યવ્યાપી જાતિ સર્વેક્ષણને મંજૂરી આપી છે. – તેલંગાણા

34. તમિલનાડુ સરકારે દરિયાકાંઠાના સંસાધનોને પુનર્જીવિત કરવા અને લુપ્તપ્રાય પ્રજાતિઓના રક્ષણ માટે વર્ષ 2024-2025ના રાજ્યના બજેટમાં _____ નામની નવી યોજનાની જાહેરાત કરી છે. – TN-SHORE

35. પીવાના પાણી અને સ્વચ્છતા વિભાગે તાજેતરમાં _____ માં જળ જીવન મિશન અને ભારત મિશન–ગ્રામીણ SBM(G) પર રાષ્ટ્રીય પરિષદનું આયોજન કર્યુ હતું. – લખનૌ, ઉત્તરપ્રદેશ

36. તાજેતરમાં શ્રી એલેક્સી નવલ્નીનું જેલમાં નિધન થયું હતું. તેઓ કયા દેશના વિપક્ષના નેતા હતા ? – રશિયા

37. આસિયાન–ઈન્ડિયા ટ્રેડ ઈન ગુડ્સ એગ્રીમેન્ટ (AITIGA)ની ત્રીજી બેઠકનું આયોજન કયા દેશે કર્યુ હતું ? – ભારત

38. જળ જીવન મિશન હેઠળ હર ઘર જલની 100% સંતૃપ્તિ પ્રાપ્ત કરનાર ભારતનું કયું રાજ્ય પ્રથમ ઉત્તર–પૂર્વીય રાજ્ય બન્યું છે ? – અરૂણાચલ પ્રદેશ

39. તાજેતરમાં સમાચારમાં રહેલ લોફ નેગ તળાવ કયા દેશમાં આવેલું છે ? – આયર્લેન્ડ

40. બહુરાષ્ટ્રીય લશ્કરી કવાયત 'શાંતિ પ્રયાસ IV' કયાં આયોજિત કરવામાં આવી હતી ? – કાઠમંડુ, નેપાળ

41. _____ ભારતના ChatGPT વિકલ્પનું અનાવરણ કરશે. – રિલાયન્સ કન્સોર્ટિયમ

42. 23 ફેબ્રુઆરી, 2024ના રોજ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ મુખ્ય અતિથી તરીકે ગ્રીસના વડાપ્રધાન કિરિયાકોસ મિત્સોટાકિસની હાજરીમાં _____ માં મુખ્ય વૈશ્વિક મુદ્દાઓ પર કેન્દ્રિત પ્રતિષ્ઠિત રાયસિના ડાયલોગ કોન્ફરન્સની 9મી આવૃત્તિનું ઉદ્‌ઘાટન કર્યુ હતું. – નવી દિલ્હી

43. મેરીટાઈમ ટેકનિકલ એક્સપોઝિશન MTEX-24નું ઉદ્‌ઘાટન કયાં થયું હતું ? – વિશાખાપટ્ટનમ્

44. તાજેતરમાં સમાચારમાં રહેલી 'બેગ–લેસ સ્કૂલ' પહેલા કયા રાજ્યમાં રજૂ કરવામાં આવી હતી ? – મધ્યપ્રદેશ

45. ગોવા સરકારે બ્લેન્ડેડ ફાઈનાન્સ સુવિધા સ્થાપવા માટે કોની સાથે સહયોગ કર્યો છે ? – વિશ્વ બેંક

46. રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ દ્વારા શરૂ કરવામાં આવનાર ChatGPT-શૈલીની AI સેવાનું નામ શું છે ? – Hanooman

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

GPSC Class 1/2, S.T.I., PI, Dy.S.O., નાયબ મામલતદાર, ચીફ ઓફિસર, PSI-ASI-કોન્સ્ટેબલ, બિનસચિવાલય ક્લાર્ક, વનરક્ષક, FHW-MPHW, તલાટી, જુ.ક્લાર્ક, TET-TAT તથા ગુજરાત સરકારની તમામ સ્પર્ધાત્મક પરીક્ષાઓની સર્વશ્રેષ્ઠ તૈયારી કરવા તેમજ સ્પર્ધાત્મક પરીક્ષાઓના અનુભવી વિષય નિષ્ણાત ફેકલ્ટીની ટીમ પાસે સર્વશ્રેષ્ઠ અભ્યાસ કરવા માટે...

## સ્પર્ધાત્મક પરીક્ષામાં સફળતા મેળવવા માટે અત્યારે જ

Google Play પરથી iceonline DOWNLOAD કરો

OR

QR કોડ સ્કેન કરો

FREE

E-Books

Daily Weekly & Final Mock Test

LECTURE PDF

READING SCHEDULE

HIGH SCORING STRATEGY




LIVE + RECORDED BATCH

- સ્પર્ધાત્મક પરીક્ષામાં આપની સફળતા સુનિશ્ચિત કરવા માટે તમામ વિષયોનો 360° અભ્યાસ
- સ્પર્ધાત્મક પરીક્ષાનો વિશેષ અનુભવ ધરાવતી વિષય નિષ્ણાત ફેકલ્ટીઓની ટીમ દ્વારા દરેક વિષયોનો ટુ ધી પોઈન્ટ અભ્યાસ
- નવી પરીક્ષા પદ્ધતિને અનુરૂપ સંપૂર્ણ અભ્યાસક્રમને આવરી લેતા અદ્યતન માહિતી સાથેના લેટેસ્ટ વીડિયો લેક્ચર
- સ્પર્ધાત્મક પરીક્ષાના દરેક વિષયોનો સ્માર્ટ વર્ક અને સમજણ શક્તિના સમન્વયથી અભ્યાસ
- તમામ વિષયોનો ટોપિક વાઈઝ ઊંડાણપૂર્વક અભ્યાસ કરાવતા વીડિયો લેક્ચર

**રાજકોટ 93757 01110**

Head Office : ICE, બીજો માળ, સદગુરુ કોમ્પલેક્ષ, સ્વામિનારાયણ મંદિર પાસે, કાલાવડ રોડ, રાજકોટ

**ગાંધીનગર 81406 01110**

218, B-Block, અટારીયા સરગાસણ ક્રોસ રોડ, ગાંધીનગર.

**જૂનાગઢ 76985 01110**

પેરી પ્લાઝા કોમ્પ્લેક્સ, અલકાપુરી સોસાયટી પાસે, ઝાંઝરડા રોડ, જૂનાગઢ.

"સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા

SOCIAL MEDIA ICON પર CLICK કરો

JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YOUTUBE
ICE RAJKOT

INSTAGRAM
ICE RAJKOT

FACEBOOK
ICE RAJKOT

TWITTER
ICE RAJKOT